5511



બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય ને તેના કારણથી પણ શૂન્ય એવી ત્રિકાળી વસ્તુ તે હું છું–આવો સ્વીકાર આવવો તે જ પુરુષાર્થ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં.૧૮ સં. ૨૦૫૪ [૬૫૭] * **આત્મધર્મ** * [અંક-૧ વર્ષ-૫૫] વીર સં. ૨૫૨૪ જુલાઈ–૧૯૯૮

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ તીવ્ર રોગ ઔર કઠોર દુઃખરૂપી વૃક્ષોંસે ભરે સંસારરૂપી ભયાનક વનમેં વૃદ્ધાવસ્થારૂપી શિકારીસે ડરકર મૃત્યુરૂપી વ્યાઘ્રકે ભયાનક મુખમેં ચલે ગયે પ્રાણીકો તીનોં લોકમેં કૌન બચા સકતા હૈ ? ઉસે યદિ બચા સકતા હૈ તો જન્મ-જરા-મરણકા વિનાશ કરનેવાલા જિનભગવાનકે દ્વારા ઉપદિષ્ટ ધર્મામૃત હી બચા સકતા હૈ. ઉસે છોડ અન્ય કોઈ નહીં બચા સકતા. ૫૦૯.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૩૧૭)*

❀ અપનેકો ભયરહિત ઔષધિદાન યહ હૈ કિ બાધાસે રહિત સ્વભાવ હો જાવે અર્થાત્ આર્તધ્યાન વ રૌદ્રધ્યાનસે રહિત નિરાકુલ ધર્મધ્યાનમયી સ્વભાવકા પ્રકાશ હો જાવે. ઐસા વૈરાગ્યભાવ પ્રગટ હો જાવે કિ સંસાર, શરીર વ ભોગોંકી ઓરસે ચિંતારૂપી બાધા વિલા જાવે, ન ચારગતિરૂપ દુઃખમયી સંસારકી કામના રહે, ન નાશવંત શરીરકી પ્રાપ્તિકી ઇચ્છા રહે,ન અતૃપ્તકારી ભોગોંકી ચાહના રહે. ઇન સબકી ચાહકી દાહકા મિટના સોઈ અપનેકો ઔષધિદાન કરના હૈ. ૫૧૦. *(શ્રી તારણસ્વામી, મમલ પાહુડ, ગાથા–૧, પાનું–૭૬)*

❀ હું જ્યાં જ્યાં જોઉં ત્યાં સર્વત્ર આત્મા જ દેખાય છે, તો પછી હું કોની સમાધિ કરું ને કોને પૂજું ? છૂત–અછૂત કહીને કોને તરછોડું ? હરખ કે ક્લેશ કોની સાથે કરું ? ને સન્માન કોનું કરું ? ૫૧૧.

*(મુનિવર રામસિંહ, પાહુડ-દોહ, ગાથા–૧૩૯)*

❀ અનંતાનુબંધી રહિત અપ્રત્યાખ્યાનાદિ તીન કષાયકા ઉદય હોતે યોં જીવ મહાપાપકે કારણ અન્યાયરૂપ જો ચંચલભાવ તાકૂં છોડી વિમલતાનૈં પ્રાપ્ત હોય હૈ. ન્યાયરૂપ નિશ્ચલ ભાવવિષૈં તિષ્ઠૈ હૈ. યહાં યહ જીવ સમ્યગ્દષ્ટિ હોય હૈ, તહાં સમ્યક્ભાવકા ગ્રહણ હૈ. સર્વ હી તેરા પ્રકાર કષાયભાવ ન્યાયરૂપ પ્રવર્તે હૈ. ચારો કષાયનકે કાર્ય તો હોય હૈં, પરંતુ ન્યાયરૂપ હોય હૈ. પાંચો ઇન્દ્રિયનકે વિષય તો સેવૈ હૈ પરંતુ ન્યાયપૂર્વક સેવૈ હૈ. સો ભી દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવકી યોગ્યતા સહિત કાર્ય હોય હૈ. કષાયકાર્યનિ વિષૈ અરુ વિષયકાર્યનિ વિષૈ અતિ આસક્ત હોય મૂર્च्छાભાવકો ન પ્રાપ્ત હોય હૈ. અયોગ્ય કાર્યનકૂં કદાચિત્ ભી ન કરૈ હૈ. રાજવિરુદ્ધ, લોકવિરુદ્ધ, ધર્મવિરુદ્ધ ઐસે જે કષાયકાર્ય વા વિષયકાર્ય વા સપ્તવ્યસનાદિ જાકૈં સર્વથા ન હોય હૈં. ઇસ કષાયકે હોતૈં ઇતના સચેત રહૈ હૈ. ૫૧૨. *(શ્રી દીપચંદજી, ભાવદીપિકા, પાનું–૬૩)*

*

કહાન
સંવત-૧૮
વર્ષ-૫૫
અંક-૧
[૬૫૭]

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૨૪
સં. ૨૦૫૪
July.
A.D. 1998

# સિદ્ધોના સુખની સિદ્ધિ

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં.-૮૧)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની આઠમી ગાથાનો ભાવાર્થ લેવાનો છે. તેમાં મોક્ષના સુખની વાત ચાલે છે. મોક્ષમાં જ પરમ સુખ અને આનંદ છે. એવું સુખ અને આનંદ બીજે ક્યાંય નથી. તેથી આવા મોક્ષને સાધવા માટે તીર્થંકરાદિ મહાપુરુષો અંતરાત્મસ્વભાવને સાધે છે. એ વાત અહીં સિદ્ધ કરે છે.

ભાવાર્થ :—શ્રી તીર્થંકરદેવ તથા ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ આદિ શલાકાપુરુષો તથા મહાદેવ, પ્રતિવાસુદેવ આદિ બધાં પ્રસિદ્ધ પુરુષો મુક્તિની પ્રાપ્તિ માટે નિજ આત્માનું ધ્યાન કરે છે તે નિજ આત્મા કેવો છે?–કે, શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે, અખંડ એક સ્વભાવરૂપ છે. તેનું સમ્યક્ શ્રદ્ધાન, તેનું સમ્યક્ જ્ઞાન અને તેમાં આચરણરૂપ જે અભેદરત્નત્રયમય સમાધિથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદ અતીન્દ્રિયસુખરસ–તેના અનુભવથી પૂર્ણકળશની જેમ ભરેલા નિરંતર નિરાકાર નિજસ્વરૂપ પરમાત્માના ધ્યાનમાં સ્થિર થઈને જીવો મુક્તિને પ્રાપ્ત કરે છે.

જેમ અમૃતથી આખો કળશ ભર્યો હોય તેમ આ ભગવાન આત્મા આખો આનંદામૃતથી પૂર્ણ ભરેલો છે. આ શરીરનો આકાર કળશ જેવો જ છે ને! તેની અંદર આત્મા પણ તેવા જ આકારવાળો અસંખ્યપ્રદેશે પૂર્ણાનંદથી ભરેલો છે. આ ભગવાન આત્મા તે દ્રવ્ય છે અને તેમાં સ્થિરતા તે તેનું ધ્યાન છે, તેના વડે મુક્તિની પ્રાપ્તિ થાય છે.

અહીં વ્યાખ્યા તો મોક્ષની કરવી છે પણ તે મોક્ષ કેમ થાય એ સમજાવવા માટે દ્રવ્યનું સ્વરૂપ કહ્યું કે, આત્મા અખંડ એક જ્ઞાન સ્વભાવી છે. તેની અંતરમુખ સમ્યક્ શ્રદ્ધા, અંતરમુખ સમ્યક્ જ્ઞાન અને અંતરમુખ સ્થિરતારૂપ મોક્ષમાર્ગ વડે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

જુઓ ! આમાં આત્મદ્રવ્ય, મોક્ષમાર્ગ અને મોક્ષ આ ત્રણેયની વાત કહી દીધી. આત્મા એક જ્ઞાનસ્વભાવી કહ્યો પણ એકલું જ્ઞાન જ નહિ, તેમાં પૂર્ણ આનંદ પણ અસંખ્યપ્રદેશમાં રહેલો છે. અતીન્દ્રિય આનંદની પર્યાય તેમાંથી પ્રગટ થાય છે. પૂર્ણ આનંદસ્વભાવની પ્રતીત કરતાં અને તેમાં સ્થિર થતાં પર્યાયમાં પૂર્ણ આનંદની પ્રાપ્તિ થાય છે.

આત્મામાં સ્થિરતારૂપ ધ્યાન કેવું છે ?—કે ખ્યાતિ, પૂજા ધનાદિનો લાભ ઈત્યાદિ સમસ્ત વિકલ્પજાળોથી રહિત છે. બહારમાં પોતાની બડાઈ, મહિમા થાય એવા લોભથી રહિત છે અને પોતાના અલ્પજ્ઞાનના અભિમાનથી રહિત છે. વિશેષ ધનાદિ હોય તેની પણ મહિમા નથી. શરીર, વાણી, લક્ષ્મી, પુણ્ય—પાપ અને વર્તમાન પર્યાયમાં જે ઉઘાડ છે તે કોઈનો તેને મહિમા નથી. એવા સર્વ વિકલ્પજાળથી રહિત કેવળ—માત્ર આત્માના ધ્યાનને પ્રભુએ મોક્ષમાર્ગ કહ્યો છે. પૂર્ણાનંદ પ્રભુ એકમાત્ર આત્માના શ્રદ્ધા—જ્ઞાનપૂર્વક તેમાં સ્થિરતાને જ ભગવાને મોક્ષનો માર્ગ કહ્યો છે. પૂર્ણાનંદની મહિમાવાળી દૃષ્ટિ, જ્ઞાન, શાંતિરૂપ ધ્યાનને ભગવાને મોક્ષમાર્ગ કહ્યો છે. તે ધ્યાનમાં ધ્યેય કોનું છે ? તે હવે કહે છે.

એકમાત્ર પૂર્ણાનંદ જ્ઞાનસ્વરૂપ નિજ આત્મદ્રવ્ય જ ધ્યાન કરવાયોગ્ય હોવાથી ધ્યેય છે. આ ભગવાન આત્મા શરીર, કર્મ અને રાગ તથા અલ્પજ્ઞ અવસ્થાથી પણ રહિત પૂર્ણ સ્વભાવસ્વરૂપ છે તે જ ધ્યેય છે.

આ તો પાંચમા આરાના મનુષ્યોને કહ્યું છે. રુદ્ર, ઈન્દ્ર, તથા વર્તમાનમાં જન્મેલા ભવ્યજીવો આદિ કહીને બધાં જીવો લઈ લીધા છે કે જે અત્યારે પણ પૂર્ણ મોક્ષપર્યાય પ્રગટ કરવા માટે ભગવાન આત્માનું ધ્યાન કરે છે. તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ આદિ જે કોઈ ભવ્યજીવ છે તે વર્તમાનમાં ભલે ગૃહસ્થાશ્રમમાં હો પણ જેટલાં અંશે પોતાની વર્તમાન દશાને આત્મદ્રવ્યમાં એકાગ્ર કરી છે એટલો મોક્ષમાર્ગ અત્યારે જ છે અને તેમાં આગળ વધીને એકાગ્રતાની વૃદ્ધિ કરીને તે જીવો મોક્ષને પામે છે. અંતરમાં એકાગ્રતા સિવાય બીજો કોઈ મોક્ષનો માર્ગ ત્રણકાળમાં ક્યાંય નથી. તેથી કેવળ 'આત્મધ્યાન'ને ભગવાને મોક્ષનો માર્ગ કહ્યો છે.

परमात्मध्याने स्थित्वा मोक्षमेव ध्यार्यान्त। આ એક જ મોક્ષમાર્ગ છે, બે માર્ગ નથી, બીજો કોઈ માર્ગ નથી અને બીજી કોઈ રીત નથી. ત્રણકાળ ત્રણલોકમાં 'આત્માના ધ્યાનરૂપ' એક જ મોક્ષમાર્ગ છે. માટે પોતાનું સ્વરૂપ જ ધ્યાન કરવાયોગ્ય છે.

તાત્પર્ય એ છે કે, જો કે, વ્યવહારનયથી પ્રથમ અવસ્થામાં વીતરાગસર્વજ્ઞનું સ્વરૂપ અથવા વીતરાગના નામમંત્રના અક્ષર અથવા વીતરાગના સેવક મહામુનિ ધ્યાવવાયોગ્ય છે. તોપણ, વીતરાગ નિર્વિકલ્પ ત્રણગુપ્તિરૂપ પરમ સમાધિના સમયે પોતાનો શુદ્ધ આત્મા જ ધ્યાન કરવાયોગ્ય છે. અન્ય કોઈ બીજો પદાર્થ પૂર્ણ અવસ્થામાં ધ્યાવવા યોગ્ય નથી.

પહેલાં વિકલ્પમાં વીતરાગનું સ્વરૂપ ચિંતવવાનો, તેમના નામના મંત્રનો જાપ–નવકારમંત્ર ભણવાનો ભાવ આવે. વીતરાગના સેવક એવા મહામુનિઓને ધ્યાવવાનો શુભરાગ પ્રથમ અવસ્થામાં આવે છે. અંતરમાં દૃષ્ટિ તો છે પણ પૂર્ણ એકાગ્રતા નથી ત્યાં સુધી શુભરાગ આવ્યા વિના રહેતો નથી. પંચપરમેષ્ઠી કેવા હોય, કેવી રીતે થયા ! મુનિઓની અવસ્થા, ભગવાનનું નામસ્મરણ આદિ તરફના વિકલ્પ આવે છે પણ તે પરદ્રવ્ય અનુસારી વિકલ્પ હોવાથી પુણ્યબંધનું કારણ છે. મુક્તિનું કારણ નથી. વ્યવહારને નિમિત્ત તરીકે મુક્તિનો સેવક કહેવાય છે પણ તેને છોડીને, અંતરમાં ત્રિગુપ્તપણે સ્થિત થાય ત્યારે ધ્યાન જામે અને એ ધ્યાન જ કર્મનિર્જરાનું કારણ છે.

માટે, પરમસમાધિના કાળે પોતાનો આત્મા જ ધ્યાન કરવાયોગ્ય છે. પૂર્ણ અવસ્થામાં અન્ય કોઈ પદાર્થ ધ્યાવવાયોગ્ય નથી.

હવે ૯ મી ગાથામાં, ત્રણ લોકમાં મોક્ષ સિવાય અન્ય કોઈ પણ પરમસુખનું કારણ નથી એમ નિશ્ચય કરે છે.

तिहुयणि जीवहँ अत्थि णवि सोखहँ कारणु कोइ ।
मुक्खु मुएविणु एक्कु पर तेणवि चिंतहि सोइ ॥९॥

ત્રણલોકમાં જીવોને મોક્ષ સિવાય કોઈપણ વસ્તુ સુખનું કારણ નથી. એક સુખનું કારણ મોક્ષ જ છે માટે, તું નિયમથી એક મોક્ષનું જ ચિંતવન કર, કે જેને મહામુનિઓ પણ ચિંતવે છે.

જુઓ ! લક્ષ્મી, સ્ત્રી, આબરૂ એ બધું સુખનું કારણ નથી. ભોગો, ચક્રવર્તી આદિ પદ, અધિકાર આદિ કોઈ સુખના કારણ નથી. સુખનું એક માત્ર કારણ મોક્ષ જ છે માટે તેને પ્રગટ કરવાનો ઉપાય કર ! બીજું કાંઈ કરવાયોગ્ય નથી.

એક માત્ર મોક્ષનું ચિંતવન નિયમથી કર ! એમ કહેવું છે ત્યાં ચિંતવનનો અર્થ એકાગ્રતા છે, વિકલ્પ કરવાની વાત નથી. પૂર્ણાનંદની પર્યાયને ધ્યાવે એટલે કે પૂર્ણાનંદ સ્વભાવમાં એકાગ્ર થાય તેનું નામ મોક્ષ છે.

અહીં તો એકલા આત્મા–આત્માની વાત છે, બીજી વાત નથી. તારી પાસે આત્મા સિવાય બીજું શું છે? શરીર, કર્મ કે આસ્રવ તારી પાસે નથી, તારી પાસે તારો ભગવાન આત્મા છે, તેની મહિમા કર ! પૂજા, ભક્તિ, જાત્રા આદિની કાંઈ મહિમા નથી. તું તો જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છો તેની કથા માંડ ને ! જે તારા નથી એવા પુણ્ય–પાપ, શરીર આદિની કથા શા માટે માંડીને બેઠો છો ?

પુણ્ય–પાપના વિકલ્પ છે તે આત્મા નથી, જડકર્મ છે તે આત્મા નથી, શરીર આત્મા નથી. જાત્રામાં શરીરની ચાલવાની ક્રિયા થાય છે તે તો જડની છે, પુણ્ય-પરિણામ થાય છે તે તો આસ્રવતત્ત્વ છે. તું કોણ છો ? તું તો જ્ઞાનાનંદ એકરૂપ સ્વભાવ છો, તો તેની જ મહિમા કરને ! બીજાની મહિમા શું કામ કરે છો ?

જ્યાં સુધી આત્મતત્વમાં સ્થિરતા ન થાય ત્યાં સુધી યાત્રા, પૂજા, ભક્તિ આદિના શુભરાગ આવશે ખરા પણ તે મુક્તિનું કારણ નથી. તે ભાવ આત્માનું સ્વરૂપ નથી માટે તેના લક્ષે આત્માની સમીપમાં જઈ શકાતું નથી.

પ્રશ્ન :—શુભભાવથી આત્મા હળવો તો થાય ને ?

પૂજ્ય ગુરુદેવ :—શુભભાવ પોતે વિકલ્પ છે તેનાથી આત્મા હળવો કેવી રીતે થાય ? શુભભાવ આસ્રવ હોવાથી પોતે જ ભારરૂપ છે તેનાથી આત્મા હળવો ન થાય. એટલી જ વાત છે કે, નિશ્ચયમોક્ષમાર્ગમાં સ્થિત ન થવાય ત્યાં સુધી શુભભાવ હોય ખરો પણ તે આત્માની સમીપ જવાનું કારણ નથી.

આત્માના પરમાનંદની પર્યાય જોવે છે તો એ જ્યાં હોય ત્યાંથી મળે ને ! રાગમાં કે નિમિત્તમાં એ પડી નથી. આત્માના પરમાનંદની પર્યાય આત્મદ્રવ્યમાં પડી છે માટે તેમાંથી જ મળે છે. ભગવાન આત્મામાં અનંતી અનંતી મોક્ષપર્યાય અંદરમાં પડી છે. જ્યાં હોય ત્યાં નજર નાંખ તો તે નીકળે. જ્યાં નથી ત્યાંથી ક્યાંથી નીકળશે ! વ્યવહારના પક્ષકારને આ વાત આકરી લાગે છે એટલે વ્યવહારનો લોપ થાય છે એમ કહે છે પણ વ્યવહારનો લોપ કરીને અંતરમાં જાય ત્યારે જ ધર્મની પ્રાપ્તિ થાય છે. આગળ ૧૪ મી ગાથાના અર્થમાં આવશે કે વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ થાય છે ત્યારે તે વિકલ્પને વ્યવહારકારણ કહેવાય છે.

ભાઈ ! તું ક્યાં અધૂરો છો કે તારે બીજાનું અવલંબન લેવું પડે ! તું ક્યાં અપૂર્ણ છો કે રાગ ને નિમિત્તના અવલંબને તારી પૂર્ણતા થાય ! પણ અરે ! એને એની પૂર્ણતાનો વિશ્વાસ આવતો નથી. જેના ગર્ભમાં એક જ્ઞાન નહિ પણ અનંત અનંત સામર્થ્યવાળી અનંત પર્યાય પડી છે એવો હું આત્મા છું. એક જ્ઞાનગુણમાં અનંત જ્ઞાનની પર્યાય પડી છે, એક આનંદગુણમાં આનંદની અનંત પર્યાય પડી છે તેમ જ એક શ્રદ્ધાગુણમાં શ્રદ્ધાની અનંતી ક્ષાયિક પર્યાય પડી છે. એવા અનંતગુણનું એક 'રૂપ' તે દ્રવ્ય છે. અનંતગુણનો એક્કો—રાજા તે આ દ્રવ્ય છે જેમાં અનંત પર્યાય પ્રગટ કરવાનું સામર્થ્ય તો છે જ પણ એથી અનંતગુણુ સામર્થ્ય રહેલું છે. એવા અનંતગુણના એકરૂપ નિજપ્રભુની સમીપ ગયા વિના મુક્તિની પર્યાય આવતી નથી.

દયા, દાન, વ્રતાદિના વિકલ્પમાંથી ધર્મની પર્યાય ક્યાંથી આવે ! જ્યાં હોય ત્યાંથી ધર્મ આવે ને ! મન, વચન, કાયા સંબંધીના વિકલ્પથી હટીને સ્વરૂપ તરફ આવે છે તે જીવ ત્રિગુપ્તિને પ્રાપ્ત થઈ ગયો. નિજ વસ્તુમાં એકાગ્ર થઈ ગયો તેને ત્રિગુપ્તિરૂપ સમાધિ થઈ ગઈ.'પરમ સમાધિ' 'ત્રિગુપ્તિ' વગેરે શબ્દો એવા છે કે, એ તો જાણે બહુ ઊંચી દશામાં થતાં હશે. અખંડ પ્રતાપી પ્રભુમાં એકાગ્રતામાં ત્રિગુપ્તિરૂપ શાંતિ રહેલી છે. આ ત્રિગુપ્તિના કાળે આત્મા જ ધ્યાવવાયોગ્ય છે. વિકલ્પના કાળે આત્માનું ધ્યાન થઈ શકતું નથી. સ્વરૂપ તરફની એકાગ્રતાના કાળે જ તે આત્મા ધ્યાન કરવાયોગ્ય થાય છે કે જેને મહામુનિઓ પણ ધ્યાવે છે એવા આત્માને તું ધ્યાવ !

ભાવાર્થ :—શ્રી યોગીન્દ્રાચાર્ય પ્રભાકર ભટ્ટને કહે છે કે, હે વત્સ ! મોક્ષ સિવાય અન્ય કાંઈ સુખનું કારણ નથી અને આત્મધ્યાન સિવાય અન્ય કોઈ મોક્ષનું કારણ નથી માટે તું નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને નિજ શુદ્ધાત્મસ્વભાવને જ ધ્યાવ !

યોગીન્દ્રદેવ અતીન્દ્રિય આનંદમાં મસ્ત એવા મહામુનિ હતાં. તેમને શિષ્યે પૂછ્યું હતું કે પ્રભુ ! મને મુક્તિ, મુક્તિનું કારણ અને તેનું ફળ બતાવો. તેના જવાબમાં જંગલવાસી મહામુનિરાજ મોક્ષનું સ્વરૂપ અહીં બતાવે છે તેની સાથે મોક્ષમાર્ગ પણ આવી જાય છે.

પરમાત્માના આરાધક યોગીન્દ્રદેવ ગુરુ કહે છે કે હે શિષ્ય ! મોક્ષ સિવાય અન્ય કાંઈ સુખનું કારણ નથી અને આત્મધ્યાન સિવાય બીજું કોઈ મોક્ષનું કારણ નથી.

અધ્યાત્મની વાત ભાવનાની છે તેથી વારંવાર અનેક પડખેથી એક જ વાત સમજાવે છે. ત્રણેય કાળમાં માર્ગ તો એક જ છે. ચોથા આરામાં માર્ગ બીજો હતો અને પાંચમાં આરામાં જુદો છે એવું ન હોય. બાપુ ! તું જ્યાં છો ત્યાં કોઈ કાળ

નડતો નથી. ચોથા આરામાં નિર્વિકલ્પમાર્ગ હતો અને પાંચમાં આરામાં વિકલ્પસહિત મોક્ષમાર્ગ છે એવી માર્ગની રીતમાં કોઈ ફેરફાર હોઈ ન શકે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.'

જે ધ્યાનની પર્યાય આત્માને ધ્યેય બનાવે છે તે ધ્યાનની પર્યાય જ મોક્ષનું કારણ છે અને તે મોક્ષ જ સુખનું એકમાત્ર કારણ છે. જે શક્તિરૂપ મોક્ષ છે તેને ધ્યેય બનાવવાથી જ પ્રગટ મોક્ષ થાય છે માટે તું વીતરાગ નિર્વિકલ્પસમાધિમાં સ્થિત થઈને નિજ શુદ્ધાત્મસ્વભાવને જ ધ્યાવ ! આમ શ્રીગુરુએ શિષ્યને આજ્ઞા કરી.

ચૌદ પૂર્વ અને ૧૨ અંગનો આ સાર છે કે, નિજ આત્માનું ધ્યાન કર ! અહીં પણ શ્રીગુરુએ શિષ્યને આ આજ્ઞા કરી કે, તારા જ્ઞાનાનંદસ્વરૂપમાં તારા ચિત્તને સમાવી દે.

ત્યારે પ્રભાકર ભટ્ટ વિનતી કરે છે કે, હે ભગવન ! આપ તો નિરંતર અતીન્દ્રિય મોક્ષસુખનું જ વર્ણન કરો છો, પરંતુ જગતના જીવો અતીન્દ્રિયસુખને તો જાણતાં જ નથી, ઇન્દ્રિયસુખને જ સુખ માને છે તો જગતને આપની વાત કેવી રીતે સમજાય ! અમને તો સ્પર્શ, રસ, રૂપ, રંગ, ગંધ આદિના વિષયો દેખાય છે તેને જ અમે તો સુખના સાધન માનીએ છીએ. થાળમાં મેવા–મીઠાઈ પડ્યા હોય અને ખાવાની ક્રિયા થતી હોય એમાં અમને મજા લાગે છે, તમે જે અતીન્દ્રિયસુખની વાત કરો છો તે શું છે ?

કોઈને પાંચ કરોડની પેદાશ થાય ત્યાં તો એની પાછળ ગાંડો થઈ જાય છે. એક બાઈને લોટરીમાં બાર હજાર આવ્યા ત્યાં તો ગાંડી થઈ ગઈ. એ સ્થૂળપણે પાગલ દેખાય છે અને પેલાને સૂક્ષ્મદૃષ્ટિએ જુઓ તો પાગલ દેખાય, પણ ધન-વૈભવમાં સુખ માને છે તે બધા પાગલ જ છે એને સાચા સુખની તો ખબર જ નથી. સુખની વાત સાંભળી હોય તોપણ વારંવાર પોતાના ખ્યાલમાં લેતો નથી તો એણે સાંભળી જ ન કહેવાય. અનાદિથી નિગોદથી માંડીને ઊંધો જ અનુભવ છે, એની જ્ઞાનની પર્યાય ઇન્દ્રિય આધીન થઈને જ કામ કરે છે. અંતરમાં તો કદી જોયું પણ નથી અને જોવા જેવું છે એ વાત એકાગ્રતાથી સાંભળી પણ નથી. ઇન્દ્રિયસુખને જ સુખ માનીને બેઠા છે તેને ગુરુ અતીન્દ્રિયસુખ દ્રષ્ટાંત આપીને સમજાવે છે. સ્થૂળ દ્રષ્ટાંત વડે ન્યાયથી અતીન્દ્રિયસુખનું અનુમાન કરાવે છે.

કોઈ એક પુરુષ છે કે જેનું ચિત્ત અત્યારે વ્યાકુળરહિત છે અને પાંચ ઇન્દ્રિયના ભોગ વિના એકલો જ બેઠો છે તેને કોઈએ પૂછ્યું કે કેમ ભાઈ ! ઠીક છો ? ત્યારે

તેણે કહ્યું કે સુખેથી બેઠો છું. મજામાં છું. કોઈ ફિકર નથી કે કાંઈ ફરજ નથી, નિરાંતે બેઠો છું.....તે સમયે પાંચમાંથી કોઈ વિષયોનું સેવન તો નથી છતાં તે કેમ સુખી છે! કોઈ સ્પર્શનો વિષય નથી, ખાતો નથી, સુંઘતો નથી, કાંઈ જોઈ રહ્યો નથી કે કાંઈ સંગીતાદિ સાંભળતો નથી. આમ કોઈ ઈન્દ્રિયના વિષયનું સેવન નથી છતાં તે સુખી છે, કેમ કે આકુળતા નથી. જેટલાં અંશે તેને આકુળતા નથી એટલા અંશે તેને સુખ છે એમ સ્થૂળપણે કહી શકાય.

સુખનું મૂળ 'નિરાકુળતા' છે એ વાત સિદ્ધ થાય છે. તે નિરાકુળતા આત્મામાં જ છે, વિષયોનાં સેવનમાં નિરાકુળતા નથી. તે પુરુષ ભોજન કરી રહ્યો નથી, માવો કે કાંઈ ખાઈ રહ્યો નથી, સ્ત્રી, પુત્રાદિ પાસે બેઠો નથી, કોઈને યાદ કરી રહ્યો નથી, ગંધ–માળા આદિ સુગંધી વિષય પણ સામે નથી, દિવ્ય સ્ત્રીઓનું રૂપ-અવલોકન આદિ નેત્રના વિષય પણ નથી અને મનોજ્ઞ ગીત વાજિંત્ર આદિ કાનના વિષય પણ નથી છતાં તે પુરુષ સુખી છે માટે જણાય છે કે સુખ આત્મામાં જ છે માટે તું પણ એમ નિશ્ચય કર! પાંચ ઈન્દ્રિયના વિષય રહિત નિરાકુળતામાં જ સુખ છે. આ તો દ્રષ્ટાંત છે તેથી આમાં મનના વિષયની વાત ન કરી. મનના વિષયરૂપ વિકલ્પાદિ ન હોય તો તો સાચું સુખ હોય પણ અહીં તો દ્રષ્ટાંત વડે સાચા સુખનો નમૂનો બતાવ્યો છે. ઈન્દ્રિય-વિષય-રહિત પુરુષની વાત કરીને અતીન્દ્રિય આનંદનો અંશ બતાવ્યો. બાહ્ય-આકુળતા નથી એટલી નિરાકુળતા બતાવી છે. ભોગ અને ભોગનો ભાવ નથી તેથી એટલી આકુળતા નથી એટલું તેને સુખ છે.

જેને પાંચ ઈન્દ્રિયના વિષય નથી એટલી વાર તે સુખી દેખાય છે તો જેને પાંચ ઈન્દ્રિય અને મનના વિષય સર્વથા છૂટી ગયા હોય તે કેટલા સુખી હોય!! જે એકદેશ વિષય–વ્યાપારથી રહિત છે તેને એકદેશ સ્થિરતાનું સુખ છે તો વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનીઓને સમસ્ત પાંચ ઈન્દ્રિયોના વિષય અને મનના વિકલ્પ જાળોની રૂકાવટ થઈ હોવાથી વિશેષપણે નિરાકુળ સુખ ઉપજે છે. ઈન્દ્રિયવિષય સંબંધી વિકલ્પ નથી અને મન સંબંધી કોઈ વિકલ્પ નથી એવા રાગરહિત પોતે પોતાના જ્ઞાનના વેદનમાં આવ્યો ત્યારે અભેદ સ્વસંવેદન થાય છે–એકલા આત્માનાં જ્ઞાનનું વેદન રહ્યું–સ્વવિષયનું વેદન થયું તેમાં એકલી નિરાકુળતા હોવાથી સુખ છે.

દ્રષ્ટાંતમાં તો સામાન્ય સુખની વાત હતી, જ્ઞાનીઓને તો અંતરમાં રાગરહિત સ્વરૂપમાં એકાગ્ર થતાં વિશેષપણે અતીન્દ્રિયસુખની પ્રાપ્તિ થાય છે તે અતીન્દ્રિય સુખને સિદ્ધ કરે છે.

આમ, આ બે વાત પ્રત્યક્ષ દૃષ્ટિમાં આવે છે કે, જે પુરુષ નિરોગ અને ચિંતારહિત છે તેને વિષયસામગ્રી વિના જ સુખ ભાસે છે અને જે મહામુનિ શુદ્ધોપયોગ અવસ્થામાં ધ્યાનારૂઢ છે તેને નિર્વ્યાકુળતા પ્રગટ જ દેખાઈ રહી છે. તેઓ ઈન્દ્રાદિક દેવોથી પણ વધારે સુખી છે. આમ, સંસારદશામાં જ જ્યાં નિર્વ્યાકુળતા જ સુખનું મૂળ દેખાય છે તો સિદ્ધોના સુખની તો વાત જ શું કરવી!

દ્રષ્ટાંતમાં નિરોગ પુરુષ લીધો માટે નિરોગતા તે સુખનું કારણ છે એમ ન સમજવું. રોગ સંબંધી વિકલ્પ નથી માટે તેને સુખ છે, ભૂખ્યો હોય તો ભૂખનું વેદન હોય તેને સુખ ન હોય તેથી જે જમીને બેઠો છે, છ કલાક સુધી કાંઈ ખાવું નથી, રોગ નથી, ચિંતા નથી, નિરાકુળ છે માટે તેને સુખ છે એમ કહીને નિરાકુળતામાં સુખ છે એમ સમજાવવું છે.

શુદ્ધોપયોગી મહામુનિ બિલકુલ આકુળતા રહિત છે માટે મુનિની નિરાકુળતા તો પ્રગટ દેખાય છે. ઈન્દ્ર, નરેન્દ્ર આદિને જે સુખ દેખાય છે એ તો રાગનું કાલ્પનિક સુખ છે અર્થાત્ ઝેર છે, મુનિને તો આત્માનું સુખ છે તે તો કોઈ અલૌકિક છે. તેની પાસે ઈન્દ્રોનું સુખ તો ધૂળ છે. સંસાર અવસ્થામાં મુનિઓને આવું સુખ હોય છે તો સિદ્ધોના સુખની તો શું વાત કરવી! મુનિનો આંશિક આનંદ આવો છે તો સિદ્ધોના પૂર્ણાનન્દનું શું કહેવું!

જોકે, સિદ્ધ દૃષ્ટિગોચર નથી તોપણ અનુમાન વડે એવું જાણવામાં આવે છે કે, સિદ્ધોને ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ નથી તથા વિષયોની પ્રવૃત્તિ નથી, કોઈ પણ વિકલ્પજાળ નથી, કેવળ અતીન્દ્રિય આત્મિક સુખ જ છે. તે સુખ ઉપાદેય છે. અન્ય સુખ બધુ દુઃખરૂપ જ છે.

સિદ્ધ આત્માઓને દ્રવ્યકર્મનો સંબંધ નથી, શરીર, વાણી, મન નથી અને રાગાદિ ભાવકર્મ નથી. કોઈ પણ જાતની વિકલ્પજાળ નથી. કોઈ પણ જાતના વિષયોની પ્રવૃત્તિ નથી. માત્ર અતીન્દ્રિય આત્મિક સુખ જ છે. તે સુખ જ ઉપાદેય છે. અન્ય જેને સુખ કહેવાય છે તે તો આકુળતાવાળા હોવાથી દુઃખ જ છે.

સિદ્ધોના અતીન્દ્રિય પૂર્ણ આનંદ પાસે મહામુનિઓનું સુખ પણ લેશમાત્ર છે–થોડું છે અને ઈન્દ્રો આદિ જગત–વાસીઓની વિષયવાસનામાં તો સુખ છે જ નહિ. માટે આવું સિદ્ધોનું સુખ જ ઉપાદેય આદરણીય છે.

આવું કથન શ્રી પ્રવચનસારમાં કહ્યું છે કે, જે શુદ્ધોપયોગથી પ્રસિદ્ધ એવા

સિદ્ધપરમેષ્ઠી છે તેમને અતીન્દ્રિય સુખ છે તે સર્વોત્કૃષ્ટ છે અને આત્મજનિત છે તથા વિષયવાસનાથી રહિત છે, અનુપમ છે. જેના સમાન સુખ ત્રણલોકમાં ક્યાંય નથી. જેનો પાર નથી એવું બાધારહિત સુખ સિદ્ધોને છે.

પુણ્ય–પાપનો ભાવ તો અશુદ્ધ ઉપયોગ છે–અશુદ્ધ આચરણ છે. સિદ્ધભગવાનને તે અશુદ્ધ આચરણથી રહિત શુદ્ધ આચરણ અર્થાત્ શુદ્ધોપયોગ છે. આવા શુદ્ધોપયોગથી પ્રસિદ્ધ સિદ્ધોને અતીન્દ્રિય સુખ છે તે સૌથી ઉત્કૃષ્ટ છે અને આત્માના આનંદથી ઉત્પન્ન થયેલું હોવાથી સદાય આત્મામાં રહેનારું છે. આ સુખમાં કોઈ વિષય–વાસના નથી. આ મોક્ષની મહિમા છે તે બતાવીને તને મોક્ષનું ધ્યાન કરવા પ્રેરે છે. મોક્ષનું ધ્યાન એટલે આત્મામાં એકાગ્રતા.

મોક્ષસુખને કોઈ ઉપમા લાગુ પડી શકે તેમ નથી કેમ કે તેના જેવું સુખ ત્રણલોકમાં ક્યાંય નથી. સ્વભાવથી ઉપજેલું સુખ લોકમાં ક્યાંથી હોય ! વળી તેનો કોઈ પાર નથી. વસ્તુનું સામર્થ્ય અપાર છે તેમ તેમાંથી પ્રગટેલી પર્યાય પણ અપાર છે. ત્રિકાળસ્વભાવ સામર્થ્ય અપાર છે તેના ધ્યાનથી પ્રગટેલી પર્યાયનું સામર્થ્ય પણ અપાર છે. એક સમયના અતીન્દ્રિયસુખનો પાર નથી, જેને કોઈ બાધા નથી એવા સિદ્ધના સુખની શી વાત કરવી !

આમ, મોક્ષસુખને ઉપાદેય માનવાવાળાએ ભગવાન આત્માને ઓળખીને તેનું ધ્યાન કરવું. એ ધ્યાન કરે ત્યારે જ તેણે આત્માને ઉપાદેય માન્યો કહેવાય. પુણ્ય–પાપને આદરણીય માને છે તેને તો આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થાય છે અને તેના ફળમાં તે ચાર ગતિમાં રખડે છે મોક્ષનું ધ્યાન કરે તેને આત્માનું ધ્યાન થાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ધ્યાનથી તેને મુક્તિનું કાર્ય પ્રગટ થાય છે. *[ક્રમશઃ]*

*

સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં ભેદ કઈ નયથી જાણું ?—એમ કહીને નિયમસારમાં વ્યવહારનયની તુચ્છતા બતાવી છે, વ્યવહારનયની કાંઈ ગણતરી જ કરી નથી. અરે પ્રભુ ! તારામાં ને સિદ્ધમાં કઈ નયથી ફેર ગણું ?—વ્યવહારનયથી...પણ વ્યવહાર કાંઈ ગણતરીમાં નથી. આ સંસારી ને આ સિદ્ધ એ કઈ રીતે ભેદ પાડું ? કઈ નયથી ફેર પાડું ? વ્યવહારનયની તો ગણતરી જ નથી.

—પૂજ્ય ગુરુદેવશ્રી

## પુણ્ય પાપ એકત્વ અધિકારનો સાર:

# "શુદ્ધોપયોગનું શરણ લેવું"

(શ્રી નાટકસમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં.–૫૯)

આ નાટકસમયસાર શાસ્ત્રનો પુણ્ય-પાપ-એકત્વદ્વાર અધિકાર ચાલે છે.

આત્મામાં શુભ અને અશુભભાવ થાય છે તે બંનેની જાત એક છે. આત્માના સ્વભાવની જાત નથી એમ આ અધિકારમાં બતાવવું છે. ચોથા અધિકારના સારની બીજી લાઈન છે.

પ્રશસ્ત રાગ, અનુકંપા, કલુષતારહિત ભાવ, અરહંત આદિ પંચપરમેષ્ઠીની ભક્તિ, વ્રત, સંયમ, શીલ, દાન, મંદકષાય આદિ વિશુદ્ધભાવ પુણ્યબંધના કારણ છે તેના નિમિત્તે શાતા, શુભ આયુષ્ય, ઉચ્ચ ગોત્ર, દેવગતિ, શુભનામ આદિ પુણ્યકર્મ બંધાય છે.

પ્રમાદ સહિત પ્રવૃત્તિ, ચિત્તની કલુષતા, વિષયોની લોલુપતા, બીજાઓને સંતાપ આપવો, બીજાઓનો અપવાદ કરવો, આહાર, પરિગ્રહ, ભય, મૈથુન—ચારેય સંજ્ઞા, ત્રણ કુજ્ઞાન, આર્ત અને રૌદ્રધ્યાન, મિથ્યાત્વ, અપ્રશસ્ત રાગ–દ્વેષ, અવ્રત, અસંયમ, બહુ આરંભ, દુઃખ, શોક, તાપ, આક્રંદન, યોગોની વક્રતા, આત્મપ્રસંશા, મૂઢતા, અનાયતન, તીવ્રકષાય આદિ સંકલેશ ભાવ છે—પાપભાવ છે. તે પાપબંધના કારણ છે. અને તેના નિમિત્તે બંધાતા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અશાતા, મોહનીય, નરકાયુ, પશુગતિ, અશુભનામ, નીચ ગોત્ર, અંતરાય આદિ કર્મ તે પાંપકર્મ છે.

ચાર સંજ્ઞામાં આહારસંજ્ઞામાં પણ પાપભાવ છે. મુનિરાજને આહાર હોય છે પણ આહારસંજ્ઞા હોતી નથી. ભોજનમાં ગૃદ્ધિભાવ થવો તે આહારસંજ્ઞા છે તે મુનિને નથી માટે મુનિને પાપ નથી. મુનિ અનાહારી થયા નથી પણ આહારસંજ્ઞા મુનિને નથી. આ પ્રશ્ન પણ પહેલાં બહુ ચર્ચાઈ ગયો છે.

પરિગ્રહમાં પણ કોઈ વસ્તુ પરિગ્રહ નથી. વસ્તુ પ્રત્યેની પોતાની મમતાનો ભાવ તે પરિગ્રહ છે. પૈસા આદિને પોતાના માનવા એ તો મિથ્યાત્વ નામનો મોટો પરિગ્રહ છે પણ પૈસા આદિમાં આસક્તિ છે તે પણ પાપભાવ જ છે.

ભયસંજ્ઞા એટલે ભય પામવો–ડર લાગવો તે ભયસંજ્ઞા છે. જે નિઃશંક હોય તે નિર્ભય હોય. હું અખંડ આનંદમૂર્તિ અનાદિ અનંત છું–એમ પોતાના સ્વરૂપ વિષે જે નિઃશંક હોય તેને ભય શાનો હોય ! શાશ્વત વસ્તુને મરણ કેવું ! રોગ કેવો ! શોક કેવો ! વસ્તુ નિઃશંક અને નિર્ભય છે તેના વિષે શંકા કે ભય કરવો તે પાપ છે. દુકાળ પડે, શરીરમાં રોગ આવે, જંગલમાં એકલા પડી જવાય–દશ દશ ગાવની અંદર કોઈ દેખાતું ન હોય એવામાં ભય લાગે કે અરે ! આમાંથી હવે શું થશે ! ક્યાં જઈશ ! એમ અનેક પ્રકારે ભય લાગે છે તે પાપભાવ છે.

મૈથુનસંજ્ઞા એટલે વિષયવાસના–એ તો પાપ છે જ.

કુમતિ, કુશ્રુત અને કુઅવધિજ્ઞાન પણ પાપ છે. આર્ત અને રૌદ્ર ધ્યાન પણ પાપ છે. શરીરમાં રોગ આવે, લક્ષ્મી જાય, આબરૂ જાય, ચિંતા થાય કે અરે ! હવે શું થશે ! આ બધું કેમ મટશે ! એવા ભાવ થાય છે તે આર્તધ્યાન છે. હિંસામાં આનંદ માનવો તે હિંસાનંદી રૌદ્રધ્યાન છે ચોરી કરીને આનંદ માનવો તે ચૌર્યાનંદી રૌદ્રધ્યાન છે એમ અનેક પ્રકારે પાપરૂપ રૌદ્રધ્યાન જીવના પરિણામમાં થાય છે તે પાપબંધનું કારણ છે.

'મિથ્યાત્વ' એ તો મૂળ પાપ છે–મોટું પાપ છે. પર્યાય જેટલો જ પોતાને માનવો, રાગથી ધર્મ માનવો એ મિથ્યાત્વનું મોટું પાપ છે. અપ્રશસ્ત રાગ એ પણ પાપ છે અને દ્વેષ પણ પાપ છે. અવ્રતના પરિણામ—રાગનો અત્યાગ તે પણ પાપ છે. ઘણો આરંભ કરવો તે પણ પાપ છે. અંદરમાં દુઃખ અને શોક થાય છે તે પણ પાપ છે. તાપ એટલે આકુળતા કરવી અને આક્રંદન એટલે રડવું તે પણ પાપ છે. યોગોની વક્રતા એટલે મન, વચન, કાયાની કુટિલતા તે પણ પાપ છે.

આત્મપ્રસંશા એટલે પોતે જ પોતાની પ્રસંશા કરે કે હું સારો છું, મારામાં આ ગુણ છે વગેરે....ભાવ પણ પાપ છે.

પ્રશ્ન :—પોતામાં ગુણ હોય અને કહે તેમાં શું વાંધો ?

પૂજ્ય ગુરુદેવ :—પોતામાં ગુણ હોય તે બીજાને કહીને શું કામ છે ! બહાર પડીને બીજાને બતાવવાનો ભાવ પાપ જ છે. પોતે ધર્મી થાય તોપણ બીજાને બતાવવાનો ભાવ પાપ જ છે. પોતે ધર્મી થાય તોપણ બીજાને કહેવાનું શું કામ છે ! બીજા માને તો જ સાચું ! દુનિયા માને તેનાથી પોતાને શું લાભ છે !

મૂઢતા એ પણ પાપ છે. અનાયતન એટલે દેવ–ગુરુ–શાસ્ત્ર તે આયતન છે તેનાથી વિરૂદ્ધ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા કે તેની પ્રસંશાના ભાવ તે અનાયતન છે–પાપ છે.

આમ, આવા બધાં તીવ્રકષાયના પરિણામ એટલે કે સંકલેશભાવ છે તે પાપભાવ છે. તેનાથી પાપકર્મનો બંધ થાય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય એ બધાં પાપભાવના ફળમાં બંધાયેલા પાપકર્મ છે. મોહનીય પણ પાપકર્મ છે. અશાતા, નરકનું આયુષ્ય, પશુનું આયુષ્ય, અશુભ નામ, નીચ ગોત્ર અને અંતરાય એ બધાં પાપકર્મ છે. માટે તે કોઈ આત્માના સ્વભાવ નથી, છોડવાલાયક છે.

અશુભપરિણતી અને શુભપરિણતી બંને આત્માના વિભાવ છે, અજ્ઞાન છે એટલે કે આત્માનો જ્ઞાનસ્વભાવ નથી. તીર્થંકરગોત્રકર્મના બંધને યોગ્ય ઊંચામાં ઊંચો શુભભાવ પણ વિભાવ છે—સ્વભાવ નથી. જેમાં વિકલ્પની ગંધ નથી એવો ઊંડો અલૌકિક જ્ઞાનસ્વભાવ છે તેની દૃષ્ટિ થયા વિના ધર્મ નથી એમ સિદ્ધ કરવું છે.

સ્વભાવની કોઈ અચિંત્યતા હોય છે. નાળિયેરનો સ્વભાવ જુઓ ને ! નાળિયેરીના મૂળમાં ખારું અને ગંદુ પાણી નાંખો તોપણ ૫૦ હાથ ઉપર રહેલાં નાળિયેરમાં નિર્મળ અને મીઠું પાણી નીકળે. તે પણ ઉપર છાલા, કાચલી, ટોપરૂં હોય તેની અંદરમાંથી મીઠું પાણી મળે. એ કોઈ તેનો અચિંત્ય સ્વભાવ છે. તેમ ભગવાન આત્મા એવા કોઈ અચિંત્ય સ્વભાવની શાંતિનો રસકંદ છે. તેનો આશ્રય લે તેને અનંત જ્ઞાન, આનંદ અને શાંતિ મળે. સ્વભાવમાં તર્કનો અભાવ છે.

હાથીના જઠરનો એવો સ્વભાવ છે કે, મોટા મોટા કોળા હાથી ગળી ગયો તેમાંથી રસ બધો ચૂસી લે અને કોળાના ખોખા આખેઆખા વિષ્ટામાં બહાર નીકળે. તેમ ભગવાન આત્મા પુણ્ય–પાપના વિકલ્પ વિનાનો આત્માનો આનંદ રસ લઈને તેનો અનુભવ કરે છે. સ્વભાવની વાત જ કોઈ અચિંત્ય છે. તેમાં કેટલો અને કેમ એ પ્રશ્ન જ નથી. સ્વભાવની બેહદ–અપરિમિત શક્તિમાં પુણ્ય–પાપના વિકલ્પની ગંધ જ નથી. શરીર તો તેનાથી તદ્દન જુદી વસ્તુ છે માટે એમ ન સમજવું કે, શરીર પ્રમાણ રહેલાં નાનકડાં આત્મામાં આવી બેહદ શક્તિ કેમ હોય !

અરે ! રાય જેવડી બટાટાની એક કટકીમાં એક શરીરની અંદર નિગોદના અનંત જીવ પડેલાં છે તેમાં પણ આવી બેહદ તાકાત રહેલી છે તે પણ એક એક જીવ અનંત આનંદ અને શાંતિને પ્રાપ્ત કરી શકે એવી તેનામાં શક્તિ રહેલી છે. માટે સ્વભાવનો વિશ્વાસ લાવ ! વિશ્વાસ લાવ ! એક એક આત્મામાં અનંત અનંત આનંદસ્વભાવ રહેલો છે. વિકલ્પમાં રોકાય છે પણ તે તેનો સ્વભાવ નથી. સ્વભાવથી વિપરીત એવી શુભ અને અશુભ બંને પરિણતી વિભાવ છે.

અરે ! વિચાર તો કર ! નિગોદના એક શરીરમાં રહેલાં અનંત જીવમાંથી કોઈ

જીવને એવી શુભપરિણતી થાય કે ત્યાંથી નીકળીને મનુષ્ય થાય અને કોઈ જીવને એવી સામાન્ય શુભપરિણતી થાય કે ફરી ત્યાંને ત્યાં ઉપજે. જુદાં જુદાં જીવો, જુદાં જુદાં એના પરિણામ, પરિણામ પ્રમાણે ફળ આ બધો વસ્તુનો સ્વભાવ છે.

જીવવસ્તુનો ત્રિકાળ સ્વભાવ જ્ઞાન અને આનંદ છે અને શુભ અશુભ પરિણતી તો સ્વભાવથી ઉલટી પરિણતી છે તેનાથી આત્માને લાભ કેમ થાય ! શુભભાવથી ધર્મ થાય એવી માન્યતા તો મોટું શલ્ય છે. ખરેખર સ્વભાવને શુભરાગની અપેક્ષા પણ નથી એવો જીવનો સ્વભાવ છે. શુભરાગ હોય તો શુદ્ધતા થાય–એવો એનો સ્વભાવ નથી. શાસ્ત્રમાં પણ આવે છે કે, ધર્મીજીવ સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે તેનો અર્થ એમ છે કે, પહેલાં એવો શુભવિકલ્પ આવે છે પણ એ વિકલ્પ છે તે નિર્વિકલ્પનું કારણ નથી. રાગને ભૂલીને સ્વભાવનો અનુભવ થાય છે તેને રાગની અપેક્ષા કેમ હોય ! વર્તમાનમાં પણ રાગની અપેક્ષા નથી અને પૂર્વે પણ તેને રાગ હતો માટે વીતરાગતા થઈ એમ નથી.

ભાઈ ! શરીર સારાં હોય, આજીવિકા સારી હોય તો ધર્મ થાય એ વાત જ તારી ખોટી છે. તું તત્ત્વને સમજતો નથી. તારો સ્વભાવ પરની અપેક્ષા રાખે તેવો નથી.

અશુભ અને શુભ બંને પરિણતી આસ્રવ અને બંધરૂપ છે. વ્રતના પરિણામ કરતાં કરતાં ધર્મ થઈ જશે એવી તારી માન્યતા ખોટી છે. વ્રતાદિ બંધના કારણ છે તે શુદ્ધિના કારણ ક્યાંથી થાય ! પુણ્ય–પાપભાવ બંને રોગ છે, બંધના કારણ છે, ભાવબંધ છે, તે કિંચિત્ પણ સંવર-નિર્જરાના કારણ નથી. અશુદ્ધભાવ વધે તો અશુદ્ધતા વધે, શુદ્ધતા ક્યાંથી આવે !

બનારસીદાસજીએ શુભભાવમાં શુદ્ધતાનો અંશ છે એમ કહ્યું ત્યાં બીજી વાત છે. એકલો અશુદ્ધભાવ હોય તે વધે તો અશુદ્ધતા જ વધે. શુદ્ધતાનો અંશ હોય તો જ શુદ્ધતા વધે એ ત્યાં સાબિત કરવું છે. જ્ઞાન વધીને કેવળજ્ઞાન થાય તેમ ચારિત્રમાં અશુદ્ધતા વધીને તો શુદ્ધતા ન થાય માટે શુભભાવની સાથે શુદ્ધતાનો અંશ છે તે વધીને યથાખ્યાત-ચારિત્ર થાય છે એમ ત્યાં સાબિત કરવું છે. યથાખ્યાતચારિત્રનું બીજડું અજ્ઞાનીના શુભભાવમાં પણ પડેલું છે તે સમ્યગ્દર્શન–જ્ઞાન થતાં સ્વભાવ તરફ જાય છે. આ વાત શાસ્ત્રમાં ક્યાંય આવતી નથી પણ બનારસીદાસજીને અંતરથી વાત આવેલી છે માટે, તે પણ યથાર્થ છે. આચાર્ય કહે તો જ માનવું, વિદ્વાનનું ન માનવું એમ ન હોય.

શુભ અને અશુભ બંને ભાવ મુક્તિના માર્ગમાં ઘાતક હોવાથી પાપ અને પુણ્ય બંને એક જ છે. સ્વભાવથી વિરૂદ્ધ છે માટે બંને વિભાવ છે. પછી ભલે તે પંચમહાવ્રતના

પરિણામ હો તે પણ વિકલ્પ છે, વિકૃતિ છે, અધર્મ છે. જે સ્વભાવમાં સંસારની કે ઉદયની ગંધ નથી અને અનંત અનંત જ્ઞાન અને આનંદ જેમાં વસેલા છે એવા સ્વભાવના અવલંબન વિના ધર્મની શરૂઆત પણ નથી. જેમ નાળિયેરીના મૂળમાં પાણી નાંખે તો ઉપર ચડે, ઉપર પાણી નાંખો તો અંદર ન જાય. તેમ આત્મસ્વભાવના મૂળને ગ્રહણ કરો તો ધર્મ થાય, ઉપરછલ્લા શુભાશુભભાવોથી ધર્મ ન થાય.

એકાંત લાગે, સારૂં ન લાગે કે લાગે, પણ સત્ય તો આ છે. અજ્ઞાનભાવ તો જ્ઞાનનો ઘાતક છે તે સાધક કેમ થઈ શકે ! શુભભાવ શુદ્ધિનું કારણ બિલકુલ થઈ શકતા નથી. રાગ તો આત્માનો ઘાતક છે–નુકશાન કરનાર છે–આત્માને બંધનું કારણ છે માટે શુભ કે અશુભ બંને પ્રકારના રાગ વિભાવ છે, મુક્તિના કારણ નથી.

પોતે મોટો સાહેબ હોય, ઓફિસમાં બેઠો હોય, પોતાની નીચે કેટલાંય નોકરો કામ કરતાં હોય...એવું પુણ્યનું ફળ જીવને પ્રિય લાગે છે કે, આમાં મારી મોટાઈ છે. આમાં મને ખૂબ પૈસા મળશે, આબરૂ વધશે.....એ બધું ગમે છે અને તેનાથી ઉલટાં–પાપના ફળ જીવને ગમતાં નથી. અશાતા અળખામણી લાગે છે અને શાતા સારી લાગે છે. પણ તેને ખબર નથી કે, આ બંને ભાવ મને સંસારમાં રખડાવનારા જ છે, બેમાંથી એક પણ સંસારથી મને છોડાવી નહિ શકે. શુભઉપયોગ હો કે અશુભઉપયોગ હો–બંનેની જાત એક જ છે, બંને અશુદ્ધ છે. બેમાંથી એકેય શુદ્ધ નથી. બંને ચંડાલણીના પુત્ર સમાન અશુદ્ધ છે તેથી મોક્ષમાર્ગમાં એકેયની પ્રસંશા નથી, બંનેય હેય છે.

શુભ–અશુભ બંને ભાવ વિભાવ છે, આત્માના સ્વભાવ નથી. બંને પુદ્ગલજનિત છે, આત્મજનિત નથી. એનાથી મોક્ષ થઈ શકતો નથી અને કેવળજ્ઞાન પણ પ્રગટ થતું નથી.

આત્મામાં સ્વભાવ અને વિભાવ બે પ્રકારની પરિણતી થાય છે. તેમાં એક નિર્મળ છે અને એક વિકારી છે. સ્વભાવપરિણતી તો વીતરાગભાવ છે અને વિભાવપરિણતી રાગ–દ્વેષરૂપ છે. ધર્મીને પણ વિભાવપરિણતિ છે. દેવ–ગુરુ પ્રત્યે રાગ છે અને દેવ–ગુરુને કોઈ સિંહ, વાઘાદિ મારવા આવતા હોય તો તેની ઉપર દ્વેષ પણ આવે છે તે બંને ભાવ વિભાવ છે, સ્વભાવ નથી અને એ વિભાવ સ્વભાવમાં પેસી પણ શકતાં નથી. રામચંદ્રજી જેવા ધર્માત્મા રાજ્ય કરતાં હતા ત્યારે કેટલી જાતના રાગ–દ્વેષ ભાવ તેમને થયા હતા ! રાવણને મારવાના ભાવ થયા અને ક્રિયા પણ થઈ છતાં તે ભાવને તે ઉપાદેય માનતા ન હતાં. આ રાગ–દ્વેષાદિભાવ કરવા જેવા છે એમ ધર્મી કદી માનતા નથી.

ગુરુને સિંહ મારવા જતો હોય તો સાધકજીવ સિંહને મારી નાંખે છતાં તેને

શુભભાવ છે અને કોઈ ભલે ક્રિયા ન કરે પણ આવા મુનિ જગતમાં ન હો એવાં ભાવ કરે છે તે અશુભભાવ છે, તેના ફળમાં તે નરક-નિગોદમાં જશે અને સિંહને મારનાર સાધક મરીને સ્વર્ગમાં જશે.

શુદ્ધતા અને તેની સાથે આવનારા શુભ-અશુભભાવની મર્યાદા કેવી અને કેટલી છે તેની તને ખબર નથી ભાઈ!

રાગ અને દ્વેષ બેમાંથી દ્વેષ તો પાપરૂપ છે પરંતુ રાગ પ્રશસ્ત અને અપ્રશસ્તના ભેદથી બે પ્રકારનો છે. દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેનો રાગ પ્રશસ્ત છે તેથી પુણ્યબંધનું કારણ છે અને અન્ય રાગ અપ્રશસ્ત છે તેથી પાપબંધનું કારણ છે.

સમ્યગ્દર્શન ઉત્પન્ન થવા પહેલાં સ્વભાવભાવનો તો ઉદય જ થતો નથી. માટે, મિથ્યાત્વદશામાં જીવની શુભ અથવા અશુભરૂપ વિભાવ પરિણતી જ રહે છે કારણ કે તેને તો પાપ પરિણામમાં મજા લાગતી હોય છે અને પુણ્યપરિણામને તો તે ધર્મ માનતાં હોય છે તેથી એ તો વિભાવને જ સ્વભાવ માનીને વર્તતો હોવાથી મિથ્યાત્વદશામાં એકલી વિભાવ પરિણતી જ હોય છે. સમ્યગ્દર્શન થયા પછી કર્મનો સર્વથા અભાવ ન થાય ત્યાં સુધી સ્વભાવ અને વિભાવ બંને ધારા વર્તે છે.

ધર્મી જીવને આત્માનું ભાન થયું છતાં પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી સ્વભાવ અને વિભાવ બંને ધારા હોય છે. વિભાવ છે માટે સ્વભાવધારા ન જ હોય-એમ નથી અને સ્વભાવધારા છે તો સાથે વિભાવ ન હોય-એમ પણ નથી અને સ્વભાવની સાથે વિભાવ છે માટે તે પણ ધર્મ છે એમ પણ નથી.

ગજબ વાતો છે. જેને જન્મ-મરણના અંત લાવવા હોય તેને માટે આ વાત છે. રાગમાં ક્યાંય પણ મીઠાશ રહી ગઈ હોય તો જન્મ-મરણના અંત નહિ આવે. રાગ સાધકદશામાં હોય છે પણ રાગની મીઠાશ ન હોય. સાધકદશા છે તેથી સાથે બાધકભાવ પણ હોય જ. બાધકપણું હોય ત્યાં સાધકપણું ન હોય-એમ નથી. સાધકપણું અને બાધકપણું એકસાથે હોઈ શકે છે, તેને સાથે રહેવામાં વિરોધ નથી. સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન સાથે ન રહી શકે પણ સાધકદશા અને બાધકદશા સાથે રહી શકે છે.

સાધકદશામાં જે સ્વભાવ પરિણતી છે તે સંવર-નિર્જરા અને મોક્ષની ઉત્પત્તિ કરે છે અને વિભાવ પરિણતી છે તે તો બંધને જ ઉત્પન્ન કરે છે. ભરત અને બાહુબલી સમ્યગ્દૃષ્ટિ સાધક હતાં તે બંને લડ્યાં એ તેની વિભાવ પરિણતી હતી. પ્રશ્ન થાય કે, આવું તે હોય! જ્ઞાની આમ લડે! હા ભાઈ! એ સાધકદશામાં છે એટલે

એવો બાધકભાવ તેમને આવ્યો પણ તે તેનાથી રહિત છે. વિભાવ પરિણતીના ભાગથી ધર્મી મુક્ત છે, છતાં એવા ભાવ હોઈ શકે છે. ધર્મી વિભાવથી મુક્ત છે એમ લોકો જોઈ શકતાં નથી, વિભાવથી સહિત છે એમ જોઈ શકે છે. ફોતરાંને જુએ છે પણ અંદરમાં રહેલા કસદાર ચોખાને જોઈ શકતાં નથી.

ચોથા, પાંચમા, છઠ્ઠા આદિ ગુણસ્થાનમાં જેટલો સ્વભાવ પ્રગટ થયો છે તે મુક્તિનું કારણ છે અને જેટલો વિભાવ છે તે બંધનું કારણ છે.

જાવત શુદ્ધોપયોગ પાવત નહિ મનોગ,
તાવત હી ગ્રહણ જોગ કહી, પુન્ન કરની.

જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી પુણ્ય કરની ગ્રહણ કરવાયોગ્ય છે અર્થાત્ જ્યાં સુધી સાધકદશા છે ત્યાં સુધી તેને યોગ્ય શુભરાગ આવ્યા વગર રહેતા નથી. શુભરાગ ખરેખર ગ્રહણ કરવાયોગ્ય નથી છતાં વ્યવહારથી એમ કહેવાય કે, અશુભથી બચવા શુભરાગ ગ્રહણ કરવાયોગ્ય છે. વિકલ્પ એમ આવે છે કે, અશુભરાગ મને ન હો તેથી અશુભથી બચવા શુભને ગ્રહણ કરે છે એમ કથનમાં આવે પણ સાધકને તે કાળે તેવો શુભરાગ આવે જ છે.

સમ્યગ્દષ્ટિ શ્રાવક અને મુનિ પાપ પરિણતીથી બચીને શુભોપયોગનું અવલંબન લે છે અને શુભપરિણતી તેને આસ્રવ જ ઉત્પન્ન કરે છે. તેને જે ગુણશ્રેણીરૂપ નિર્જરા થાય છે તે તો શુદ્ધોપયોગના બળથી જ થાય છે. શુભભાવથી નિર્જરા થતી નથી, શુભભાવ તો આસ્રવ જ કરે છે.

ભાવ એ છે કે, જેટલા અંશે રાગ છે તેટલાં અંશે બંધ છે અને જેટલા અંશે જ્ઞાન તથા નિશ્ચયચારિત્ર છે તેટલા અંશે બંધ નથી, તેથી પુણ્યને પાપ સમાન હેય જાણીને શુદ્ધોપયોગનું શરણ લેવું જોઈએ. સમકિતી, શ્રાવક કે મુનિને અણુવ્રત કે મહાવ્રતના પરિણામ હો તે પણ બંધનું જ કારણ છે અને રાગરહિત અંદર આત્મદ્રવ્યની દૃષ્ટિ અને રમણતા છે એટલાં સંવર–નિર્જરા છે. આત્માના ભાન વગર એકલા પંચમહાવ્રત પાળે છે તે તો અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ એકલા બંધનમાં જ છે. માટે પુણ્ય અને પાપ બંનેને હેય જાણીને શુદ્ધોપયોગનું શરણ લેવું જોઈએ એટલે કે, શુદ્ધોપયોગ પ્રગટ કરવો, શરણ તો દ્રવ્યનું લેવું. દ્રવ્યનું શરણ લેવું તે જ મંગળ છે, ઉત્તમ છે અને શરણ છે, તેનાથી જ મુક્તિ છે. પુણ્ય–પાપભાવથી મુક્તિ નથી. [ક્રમશઃ]

*

# વૈરાગ્યજનની : બાર ભાવના

[શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

આ ધર્મધ્યાનનો અધિકાર છે. આત્મામાં પૂર્ણ શ્રદ્ધા દશા કેમ થાય? એનો આ ઉપાય છે, તે કેવા જીવોને હોય છે? તે કહે છે.

धम्मे एयग्गमणो जो णवि वेदेहि पंचहा-विसयं ।
वेरग्गमओ णाणी धम्मज्झाणं हवे तस्स ॥૪૭૬॥

અર્થ :—જે જ્ઞાની પુરુષ ધર્મમાં એકાગ્રચિત્ત થઈ વર્તે, ઇન્દ્રિયોના વિષયોને ન વેદે (અનુભવે) તથા વૈરાગ્યમય હોય તે જ્ઞાનીને ધર્મધ્યાન હોય છે.

જુઓ, અહીં જ્ઞાની શબ્દ પડ્યો છે, એટલે કે આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોનો પિંડ છે. પુણ્યપાપ, દયાદાન, કામક્રોધના ભાવો થાય છે તે વિકાર છે અને શરીરાદિ પર છે એવી દૃષ્ટિ થઈ હોય તેને જ્ઞાની અને ધર્મી કહે છે. જેને પરની અપેક્ષા છૂટી ગઈ છે, પર્યાયમાં વિકાર થાય છે એટલો હું નથી, ઇન્દ્રિયો વગેરે પર છે, હું તો અતીન્દ્રિય પદાર્થ છું એવી દૃષ્ટિ થઈ અને વૈરાગ્ય જેને હોય છે તેને ધર્મ થાય છે.

ખરેખર તો ધર્મીને ધર્મધ્યાન હોય છે, અજ્ઞાનીને હોતું નથી. કામક્રોધાદિના પરિણામ હોવા છતાં એની બુદ્ધિ છૂટી ગઈ છે અને સ્વભાવ બુદ્ધિ થઈ છે તેને ધર્મ હોય છે. ધર્મ કરવો હોય તેણે શું કરવું? જ્યાંથી ધર્મ થાય એને પ્રથમ સમજવું જોઈએ. એની વિધિ અને રીત સમજવી જોઈએ! એની રીત તો એવી છે કે આ આત્મા એક છે અને એ સિવાય બીજા આત્માઓ અને અનંત પુદ્ગલો વગેરે છે તે બધા ભિન્ન ભિન્ન સ્વતંત્ર પદાર્થો છે. આત્મા અનંતકાળથી પરની રુચિ છોડતો નથી તો હવે પરની રુચિ છોડ અને સ્વની રુચિ કર. પરને લઈને સુખ થાય છે એવી બુદ્ધિ છોડ અને સ્વભાવના આશ્રયે સુખ થાય છે એવી બુદ્ધિ કર—આ ધર્મની રીત છે.

આત્માની રુચિ છોડીને પરમાં સુખ અને દુઃખ માનીને વીર્ય ત્યાં રોકાઈ ગયું છે તેને અનંત સંસારનું કારણ એવો લોભ કહે છે. ઘણા લોકો એમ કહે છે કે પરની રુચિ છોડવાનું કહો છો પણ પૈસા વગર તો કોઈને ચાલતું નથી. તમે તો એને ધૂળ કહો છો પણ જગતમાં પૈસા વગર એકેય કામ થતાં નથી. તો તેને કહે છે કે, આનો ખુલાસો તો ઘણી વખત આવી ગયો છે કે :—આ જગતના દરેક પદાર્થોએ બીજા

પદાર્થ વગર જ ચલાવ્યું છે. કેમ કે એક પદાર્થમાં બીજા પદાર્થનો અભાવ છે. તેમ આત્માએ અનાદિકાળથી પૈસાના અભાવથી ચલાવ્યું છે. હા, એના વિના મારે ચાલે નહીં એવી મમતા વિના અજ્ઞાનીએ ચલાવ્યું નથી. જો પરના અભાવથી ન ચલાવ્યું હોય તો અનંત પદાર્થોની મધ્યમાં આત્મા એકલો છૂટો રહી શકે નહીં. દરેક આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. માટે પર વિના જ અત્યાર સુધી ચલાવ્યું છે. આત્માની સાથે કાયમ પર પદાર્થો રહેતા નથી માટે એના આશ્રય વિના જ આત્મા ટકી રહ્યો છે.

જુઓ, આ બે આંગળી છે, તેમાં આ એક આંગળી બીજી આંગળીના સહારા વિના ટકી રહી છે. જો બીજી આંગળીના કારણે આ આંગળી હોય તો બે આંગળી પૃથક્ પૃથક્ રહેતી નથી. આ ન્યાયથી સમજાવાય છે. ન્યાય ખ્યાલમાં આવે તો સમજાય. વેપારીને ન્યાય આવતાં પકડાયા વિના રહે નહીં, ભરવાડને પકડાય નહીં છતાં શ્રીમદ્ રાજચંદ્રે એક વખત જંગલમાં ભરવાડની પાત્રતા જોઈને પોતાની પાસે બોલાવીને કહ્યું કે ભાઈઓ આંખ બંધ કરીને હું પરમેશ્વર છું એમ ચિંતવો, અંદર જુઓ ! આમ સાંભળીને ભરવાડને શંકા થતી નથી કે અમે બકરાના ચારનાર ભગવાન કેમ હોઈએ ? ભગવાન તો હજાર હાથવાળો બીજો હશે ! એમ શંકા કરતા નથી. એમ અહીં આચાર્ય કહે છે કે તું એકવાર નક્કી તો કર કે હું પરના અભાવથી ટકવાવાળો પરમ શક્તિવાળો પરમાત્મા છું.

આત્માએ અત્યાર સુધીમાં કદી પરપદાર્થને ભોગવ્યા જ નથી. પૈસા, મકાન, સ્ત્રી, કર્મ-છોકરા અને શરીરના અભાવથી જ ચલાવ્યું છે પણ અજ્ઞાનીને એ વાત બેસતી નથી. મારું તત્ત્વ બીજા અનંત તત્ત્વને લઈને નથી અને અનંત તત્ત્વો મારે લઈને નથી અને ક્ષણિક વિકારી પર્યાય થાય છે એટલો હું નથી. એવા નિર્ણયપૂર્વક પરની રુચિ ખસી સ્વભાવની રુચિ થાય એ સમ્યગ્દર્શન છે અને તે જ્ઞાની છે. લાખો ક્રોડો મણનો પાણીનો લોઢ સમુદ્રમાં હોય છે. એ લોઢની ઉપર એક ઘાસનું ફોતરૂં જે તરવાના સ્વભાવવાળું છે તેથી તે તરે છે. સમુદ્રના લોઢ તેને દાબી શકે નહીં, તે તો માથે ને માથે એકલો છૂટો રહે છે. એમ આત્માનો સ્વભાવ પરથી ભિન્ન છૂટા રહેવાનો છે. તે અનંત પુદ્ગલ અને અનંત આત્માની મધ્યમાં હોવા છતાં તે પોતાથી ટકતો અને તરતો જુદો જુદો રહે છે, એવો આત્માનો સ્વભાવ છે. એમ જાણતાં પરની રુચિ છૂટી જાય છે અને સ્વભાવની રુચિ થાય છે અને તેને જ સાચો વૈરાગ્ય હોય છે. જ્ઞાનીને અસ્થિરતાનો રાગ હોય છે પણ તે પરના અભાવરૂપ થઈને થયેલો હોય છે. એ પોતાની નબળાઈથી વર્તમાન યોગ્યતાના કારણે હોવા છતાં તે વિકારને ઉપજાવે

એવો આત્માનો સ્વભાવ જ નથી. જેને સાચી રુચિ થઈ જ નથી તેને આત્માની સબળાઈની ખબર જ નથી એટલે જે રાગ થાય છે તે નબળાઈનો નથી પણ સ્વચ્છંદે થયેલો ઊંધાઈનો રાગ હોય છે. તેથી તે મિથ્યાદૃષ્ટિનો રાગ છે.

દરેક આત્મા અને દરેક પરમાણુ પૃથક્ પૃથક્ છે. તે એકબીજાને શક્તિ આપતા નથી અને કોઈ આત્મા કે પરમાણુ બીજાને શક્તિ આપે એવો પણ કોઈનો સ્વભાવ નથી. પચાસ મણની લોઢાની કેચી મકાન ઉપર પચ્ચીસ માણસોએ ભેગા થઈને ચડાવી છે એમ નથી. કેચી જે ઉપડી છે તે પચ્ચીસ માણસોના કારણે ઉપડી નથી. કેમકે જેમ એક માણસની શક્તિથી કેચી ઊંચી થતી નથી એમ પચ્ચીશ માણસથી પણ થઈ નથી. કેમકે પચ્ચીસ માણસો ભિન્ન ભિન્ન છે. તેમનું શક્તિપણું ભિન્ન ભિન્ન છે. કોઈની શક્તિ ભેગી થતી જ નથી. માટે તે બધાની શક્તિ ભેગી થઈને કેચી ઉપડી છે તે વાત ખોટી છે. કેચી પોતાના કારણે ઊંચી થાય છે ત્યારે તેને બીજી ચીજ નિમિત્ત કહેવાય છે. ખરેખર કેચીના રજકણે રજકણ ભિન્ન છે. કેચીને કેચી કહેવી તે વ્યવહારનું કથન છે. નિશ્ચયથી તો બધા રજકણો છે એ વાત લોકોને કઠણ પડે છે. કેમકે સંયોગને જ દેખે છે, સ્વતંત્ર વસ્તુસ્વભાવને ભૂલે છે. લોકો ઊંધી રીતે માને એટલે કાંઈ સત્ય હોય તે અસત્ય થાય નહીં. ઘૂવડ, ચીબરી, કાનકડીયું વગેરેએ સૂર્યનો પ્રકાશ જોયો ન હોય તેથી કરીને સૂર્યના પ્રકાશનો અભાવ થતો નથી. તેમ સ્વતંત્ર વસ્તુસ્થિતિ જેમ છે તેમ ન સમજે તેથી શું ? સુખી થવું હોય તેણે સત્ય વાત સમજ્યે છૂટકો છે.

કર્મ, શરીર, પૈસો, કેચી વગેરેનું વ્યવહારે સાચું જ્ઞાન ક્યારે કર્યું કહેવાય કે પ્રથમ તે દરેક સ્કંધના રજકણો પૃથક્ પૃથક્ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી રહેલાં છે, એક-બીજામાં પ્રવેશ કર્યા વિના પરના અભાવથી ટકી રહેલાં છે એમ નિર્ણય કરે ત્યારે સ્કંધમાં વ્યવહારનો આરોપ આવે છે. કર્મ તે કર્મ નથી, શરીર તે શરીર નથી, પૈસા તે પૈસા નથી એમ નિશ્ચયથી પ્રથમ નક્કી કરવું જોઈએ. કેમકે કર્મમાં રહેલો એક એક પરમાણુ તે કાંઈ કર્મ નથી. શરીરના અનંત પરમાણુ છે. તે એક એક પરમાણુ શરીર નથી. જો એક પરમાણુ શરીર કે કર્મ નથી, તો બધા ભેગા મળીને કર્મ થયા છે એ વાત જ નિશ્ચયથી બરાબર નથી. આમ નક્કી કર્યા પછી વ્યવહારે પર્યાયનું જ્ઞાન કરતાં પરમાણુના સંયોગરૂપ સ્કંધપર્યાયને કર્મ શરીરાદિ કહેવાય છે. હવે જો ખરેખર કર્મ જ નથી અને શરીર જ નથી તો કર્મે આત્માને હેરાન કર્યો એ વાત રહેતી નથી અને ઈન્જેક્શનના કારણે શરીરનો રોગ ગયો એ વાત રહેતી જ નથી. નિશ્ચય વગરનો એકલો વ્યવહાર તે આંધળો છે. આ વાત સરળ અને સીધી હોવા છતાં અને સ્વતંત્ર

વસ્તુ છે એ ખ્યાલમાં આવ્યા વિના લોકોને આ વાત અઘરી લાગે છે.

શાસ્ત્રમાં શરીર, પ્રાણ, કર્મ, આદિની ઘણી વાત આવે છે. પણ તે સાથે આ વાત નક્કી કરવી જોઈએ. જ્યારે એક રજકણને કર્મ નથી કહેવાતાં તો અનંતને કર્મ ક્યાંથી કહેવાય? માત્ર પર્યાય–વ્યવહારનું જ્ઞાન કરતાં કર્મ કહેવાય છે. નિશ્ચયપૂર્વક વ્યવહારજ્ઞાન તે સાચું છે. આ કેવળ જ્ઞાનનું સાયન્સ છે. આ વાત સમજ્યા વિના આરો આવે એમ નથી. અવલદોમ વાત છે. લોકો ચાલુ વાત કરી રહ્યા છે એનાં કરતાં આ જુદી વાત છે. માટે પ્રથમ આ વાત કહેનાર સર્વજ્ઞ કોણ છે? ગુરુ કોણ છે? અને એના કહેલા શાસ્ત્રો કોણ છે? અને એ શાસ્ત્રોમાં કહેલા તત્ત્વાર્થ કોણ છે? એનું નક્કી કર્યા વિના વીર્ય સ્વભાવ તરફ વળે એમ નથી.

અહીં તો કહે છે કે જ્યારે આત્મા ને દરેક પદાર્થ સ્વતંત્ર ભિન્ન ભિન્ન છે એમ નિર્ણય કરે ત્યારે ધર્મ થાય એમ છે. જે વસ્તુ જગત ઉપર નથી એની અજ્ઞાની મમતા કરે છે. પૈસો તે જગતનો મૂળ પદાર્થ નથી, પૈસા તે વ્યવહારે છે. અજ્ઞાની એવી કલ્પના કરે છે કે આ પૈસા છે અને તે મારા છે. જ્ઞાનીને સ્વ-પરનું ભેદજ્ઞાન હોવાથી એની મમતા નથી. અજ્ઞાની વર્તમાન પર્યાય જેટલી વસ્તુ માને છે તેથી સ્વ-પરનું ભાન નથી તેથી મમતા કરે છે. જ્ઞાની પૈસો, સ્ત્રી, મકાનાદિમાં મમતા કરતા નથી કેમકે દ્રવ્યદૃષ્ટિ હોવાથી ક્ષણિક પર્યાયને દેખીને મમતા થતી નથી. ''પેઘડે પગ અને બ્રહ્મ ઉપદેશ'' એમ બને એમ નથી. તેમ આ વાત જલદી સમજાય એમ નથી. તેના માટે નિવૃત્તિ જોઈએ.

અનંત પદાર્થો છે તેને અનંતપણે સ્વતંત્રપણે ન માને અને બધાને એક કરીને માને તેને સ્વતંત્ર દ્રવ્યની પ્રતીતિ વિના સ્કંધરૂપી પર્યાયનું સાચું જ્ઞાન પણ નથી. અજ્ઞાનીને રૂપિયાનું પણ સાચું જ્ઞાન નથી. દાળ, ભાત, રોટલા, શરીર વગેરે કોઈપણ પદાર્થનું સાચું જ્ઞાન અજ્ઞાનીને નથી. કેમકે તે સ્કંધમાં રહેલા એક એક પરમાણુ સ્વતંત્ર છે એની એને ખબર નથી. માટે પ્રથમ પરના અભાવરૂપ પોતે નિત્ય જ્ઞાન સ્વભાવી છે એવું સ્વતંત્ર પદાર્થનું જ્ઞાન અને નિર્ણય કરી પોતાના આત્મામાં એકાગ્ર થાય તેને ધર્મધ્યાન હોય છે.

જ્ઞાનીને સાચો વૈરાગ્ય હોય છે એટલે જ્ઞાન પોતાનો સ્વભાવ છે તે પરના અભાવરૂપ છે, તે જ્ઞાન અને વૈરાગ્ય છે. નિશ્ચયથી ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થો છે જ નહીં એમ જાણી પરથી ઉદાસ થઈ આત્મામાં એકાગ્રતા થાય છે ત્યારે ઈન્દ્રિયો અને વિષયભૂત પદાર્થનું વ્યવહારે જ્ઞાન કર્યું કહેવાય છે. સર્વજ્ઞ સિવાય આ

વાત બીજે ક્યાંય હોય નહીં, કોઈનું તત્ત્વજ્ઞાન સાંભળીને માત્ર ધારણા કરીને આ વાત કહે એટલે એના ઘરની થઈ જાય નહીં. સંપ્રદાયમાં તો ઉપવાસ કરો સામાયિક કરો વગેરેનો ઉપદેશ હોય છે પણ આ વાતને સમજ્યા વિના સાચા ઉપવાસ કે સામાયિક હોતી નથી. બુદ્ધિ વગરના બાવા થાય તો એમાં કાંઈ વળે નહીં. ઘેટાને પણ છ છ મહિને મૂંડે; છે કંઈ મૂંડાઈ જવાથી આત્માનું કલ્યાણ થતું નથી.

ઈન્દ્રિયોના વિષયો ક્યારે છૂટ્યા કહેવાય કે ઈન્દ્રિયો મારામાં છે જ નહીં એમ પ્રથમ નિર્ણય કરવો જોઈએ. જગતમાં નિશ્ચયથી પૈસો છે જ નહીં તો પછી આત્મા સધન છે અને નિર્ધન છે એ વાત રહેતી નથી. અજ્ઞાનીને શરીરમાં રોગ આવે, પૈસા ન હોય, કુટુંબ સારૂં ન હોય તો તેના વિચારો કરીને ચિત્તમાં અશાંતિ વેદ્યા કરે છે તે એની મૂઢતા છે. આત્મામાં પરનો અભાવ છે માટે પર વસ્તુના કારણે અશાંતિ નથી એની એને ખબર નથી. જ્ઞાની એવી અશાંતિને વેદતો નથી, અંતરમાં એકાગ્ર થઈને શાંતિને અનુભવે છે.

ભાવાર્થ :—ધ્યાનનું સ્વરૂપ એક જ્ઞેયમાં જ્ઞાનનું એકાગ્ર થવું તે છે. જે પુરુષ ધર્મમાં એકાગ્ર ચિત્ત કરે છે તે કાળમાં તે ઈન્દ્રિયવિષયોને વેદતો નથી અને તેને જ ધર્મધ્યાન હોય છે. તેનું મૂળ કારણ સંસાર-દેહ-ભોગથી વૈરાગ્ય છે. કારણ કે વૈરાગ્ય વિના ધર્મમાં ચિત્ત થંભતું નથી. આત્માને સ્વમાં અપેક્ષા થઈ એટલે પરની ઉપેક્ષા થયા વિના રહેતી નથી અને તે વૈરાગ્ય છે અને એમ પરની ઉપેક્ષા કરે તેને અંતરમાં સ્થિરતા હોય છે. ધર્મધ્યાનવાળો વિકારમાં એકાગ્ર થતો નથી પણ અંદર પોતે જ્ઞાનમાત્ર સ્વભાવ છે તેને લક્ષમાં લે છે. આર્તધ્યાન-રૌદ્રધ્યાનવાળો વિકાર અને પરને લક્ષમાં લે છે માટે એને ધર્મધ્યાન થતું નથી. [ક્રમશઃ]

*

બંધ-મોક્ષ ને તેના માર્ગની પર્યાય છે તે નાશવાન છે તેથી ત્રિકાળીને નિશ્ચય આત્મા કહ્યો છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે તેને દ્રવ્ય કરતું નથી કે તે પર્યાય દ્રવ્યમાં નથી. અહીં પણ બેનનાં (બહેનશ્રીનાં વચનામૃતનાં) બોલમાં છે કે મુનિપણું, કેવળજ્ઞાન કે સિદ્ધપદ એ તો પર્યાય છે, એ તો ક્ષણિક છે ને ધ્રુવજ્ઞાયક છે તે ત્રિકાળી છે; એવું જે એકરૂપ સદૃશ ધ્રુવ છે કે જેમાં દ્રવ્યલિંગ, ભાવલિંગ, કેવળજ્ઞાન કે સિદ્ધપણું નથી તેને નિશ્ચય આત્મા કહે છે.

---પૂજ્ય ગુરુદેવશ્રી

# યશોધર અને ચન્દ્રમતિની કથા

એક દિવસની વાત છે કે યશોમતિ પોતાના અંતઃપુર સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવા માટે આવ્યો. ચન્ડકર્મા પણ તે જ સમયે કુકુટ-યુગલને લોખંડના પિંજરામાં બંધ કરીને ઉદ્યાનમાં આવ્યો. અહીં આવીને ચન્ડકર્માએ રેશમી વસ્ત્ર સમાન અનેક વર્ણોથી ઉજ્જવળ એક મનોહર ભવન જોયું. ચન્ડકર્માએ આ પ્રાસાદના પૂર્વ દ્વારમાં સ્થિત મણિયોંથી ઉજ્જવલ આકાશ સમાન સ્વચ્છ તથા વિચિત્ર પટ-મંડપમાં પરસ્પરમાં પ્રેમાસક્ત આ કુકુટ-યુગલને છોડી દીધા. તથા તે કુકુટ-યુગલ પણ મન્દમન્દ બાઁગ પોકારવા લાગ્યા.

એટલામાં ચંડકર્માએ અશોક વૃક્ષ નીચે ખડગાસનથી બિરાજમાન એક મુનિરાજને જોયા. મુનિરાજના બન્ને બાજુ હાથ લટકતા હતા તથા દૃષ્ટિ નાક પર હતી. તેઓ દયાળુ હતા. સમસ્ત ઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરી લીધો હતો.

ચંડકર્માએ મુનિરાજને જોયા તથા મન વગર એમની વંદના કરી તથા નિષ્ઠુર હૃદય સાથે એમના સંબંધમાં વિચારવા લાગ્યો કે મનુષ્યોના મનમાં ડર ઉત્પન્ન કરવાવાળા પ્રચંડ સાપ સમાન આ મુનિએ રાજાના નિવાસ-સ્થાનને અપવિત્ર કર્યું છે. તે આ રીતે વિચાર કરતો હતો ત્યાં મુનિરાજનો યોગ પુરો થયો.

ચન્ડકર્માએ મુનિરાજને ધ્યાનમાંથી બહાર આવતાં જોયા ને ખૂબ જ નિષ્ઠુર મનથી કામદેવને જીતવાવાળા મુનિરાજને કહ્યું કે હે મુનિરાજ ! આપ લોકપ્રસિદ્ધ છો તથા જનતા તમને માને-પૂજે છે તોપણ તમે શું ધ્યાન કરો છો ?

મુનિરાજે ચન્ડકર્માનો આ પ્રશ્ન સાંભળીને વિશુદ્ધ હૃદયથી એને કહેવા લાગ્યા કે ભદ્ર, તેં જે વાત પૂછી છે તે તને બતાવું છું, તું સાવધાન થઈને એક ચિત્તથી સાંભળ. ભદ્ર, મેં મારા ધ્યાનમાં એ વિચાર્યું કે આ અસાર સંસારમાં પરિભ્રમણ કરતાં અનન્ત શરીર ધારણ કર્યા અને છોડ્યા. અનેક યોનિઓમાં જે દુઃખ સહ્યા તે દુઃખોથી કેવી રીતે મુક્તિ પામી શકાય છે. મુનિરાજની વાત સાંભળી ચન્ડકર્મા પૂછવા લાગ્યો કે શું શરીરથી અલગ પણ કોઈ જીવ નામની વસ્તુ છે ? શરીર તેનાથી જુદું છે ? મુનિરાજ અવધિજ્ઞાની હતા. અગિયાર અંગના ધારક હતા તથા પ્રત્યેક પ્રકારના સન્દેહને દૂર કરવાવાળા હતા. તેમણે જ્યારે ચન્ડકર્માનો પ્રશ્ન સાંભળ્યો તો સ્પષ્ટ શબ્દોમાં કહેવા લગ્યા કે ભોળા માનવી, તારે આ સંબંધમાં જરા પણ સંદેહ ન કરવો જોઈએ. તું

વિશ્વાસ રાખ, શરીર એક અલગ વસ્તુ છે અને જીવ એક અલગ વસ્તુ છે.

પરન્તુ ચન્ડકર્મા ન માન્યો. તે મુનિરાજને કહેવા લાગ્યો કે યોગીરાજ ! ન તો જીવ અલગ છે અને ન શરીર અલગ છે. પરન્તુ અનેક યોનિરૂપી વૃક્ષોથી મંડિત સંસારરૂપી વનમાં ઘૂમવાવાળા પ્રાણીઓની જે સજીવ વસ્તુ છે તે શરીર જ છે. તે એક ઉદાહરણ કહેવા લાગ્યો. મુનિરાજ મેં એક ચોરને એક કોઠીમાં બંધ કરી દીધો અને તે કોઠીને ચારે તરફથી લાખથી મઢી દીધી. પછી એમાં એક છેદ કર્યો. હવે તે કોઠીમાં પડ્યો ચોર મરી ગયો પણ, મુનિરાજ, મેં ક્યારેય પણ તે છેદમાંથી એના જીવને નીકળતાં જોયો નથી. એટલે યોગીરાજ આ ઘટનાથી હું તો એ સત્ય સમજું છું કે તે જ જીવ ને તે જ શરીર છે. બન્ને જુદાં જુદાં નથી.

યોગીરાજે જ્યારે ચન્ડકર્માની વાત સાંભળી તો તેઓ કહેવા લાગ્યા–કે ભદ્ર; તું એ જ કોઠીમાં એક મનુષ્યને શંખ આપીને બેસાડી દે અને કહે કે તે ખૂબ પ્રસન્નતાથી તે શંખને ફૂંકે. જ્યારે તે શંખ વગાડવા લાગે ત્યારે તેનો આવાજ તું જરૂર સાંભળીશ, પરન્તુ તે અવાજને તે છિદ્રમાંથી નીકળતાં તું નહીં જોઈ શકે. બીજો કોઈ પણ નથી જોઈ શકતો. ભદ્ર,જેવી રીતે અવાજ બહાર નીકળતા પણ દેખી નથી શકાતો એવી રીતે શરીરમાંથી જીવને પણ બહાર નીકળતા જોઈ નથી શકાતો.

ચન્ડકર્માએ મુનિરાજનું આ દ્રષ્ટાંત સાંભળ્યું, તે કહેવા લાગ્યો; યોગીરાજ, હું હવે જે ઉદાહરણ તમને કહેવાનો છું તેથી મારી વાતની સત્યતાનું સ્પષ્ટીકરણ થાય છે. મુનિરાજ, મેં એક સજીવ ચોરને ત્રાજવામાં તોળ્યો, પછી તેને જીવરહિત કરી દીધો પરન્તુ બન્ને સ્થિતિમાં વજન એક સરખું રહ્યું. હે મુનિરાજ, મારા આ કથનથી તમે વિશ્વાસ કરો કે જેવો હું છું એવો મડદાનો જીવ છે, તે જ શરીર છે.

મુનિરાજે ચન્ડકર્માના દ્રષ્ટાંતને ખૂબ ધ્યાનથી સાંભળ્યું તથા તેને કહેવા લાગ્યા–ભદ્ર ! તું મારા મનોહારી ઉદાહરણને સાંભળ. એક ગોપાલકે ચામડાની થેલી હવાથી ભરી તથા તેને ત્રાજવામાં તોળી ત્યાર પછી તેમાંથી હવા કાઢીને ત્રાજવામાં તોળી તો બન્ને અવસ્થામાં એક સરખું વજન રહ્યું. માટે હે ભદ્ર, જેવી રીતે ચામડાની થેલી હવાથી ભરતાં એટલી જ રહે છે તેવી રીતે અજીવ અને સજીવ મનુષ્ય પણ એટલો જ રહે છે. જીવ શરીરમાં રહે કે ન રહે વજનમાં કાંઈ ફેર નથી પડતો.

[ક્રમશઃ]

*

[તા. ૧૦-૭-૯૮]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

## મુંબઈના ઉપનગરોમાં અષ્ટાહ્નિકા અધ્યાત્મ-જ્ઞાનશિબિર

અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમ જ તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહિનશ્રી ચંપાબેનના ધર્મોપકાર–પ્રતાપથી આપણા આદરણીય ઊંડા આદર્શ–આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહના મંગલ આશીર્વાદથી પ્રેરિત મુમુક્ષુસમાજના યુવકોમાં અધ્યાત્મપ્રમુખ તત્ત્વજ્ઞાનના અભ્યાસને માટે સારી એવી જાગૃતિ આવી છે. તેના પરિણામસ્વરૂપ—બૃહદ્ મુંબઈના શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવક મંડળ કે જેના દ્વારા પૂજ્ય બહેનશ્રીનો આગામી ૮૫મા વર્ષનો 'મહામણિ-જન્મોત્સવ' અત્યાનન્દોલ્લાસ પૂર્વક સુવર્ણપુરીમાં ઉજવવામાં આવનાર છે તેના દ્વારા આ આખું વર્ષ 'અધ્યાત્મજ્ઞાન–મહાયાગ' વર્ષના રૂપમાં મનાવી, વિશેષતયા યુવકોમાં ધાર્મિક સંસ્કારોના—અધ્યાત્મતત્ત્વજ્ઞાન—સિંચનના હેતુથી, વિભિન્ન સમયમાં 'અધ્યાત્મ-જ્ઞાનશિબિર'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. એ પ્રશંસનીય આયોજનમાં પ્રથમ શિબિર મલાડમાં, બીજી વસઈ-રોડમાં, ત્રીજી અને ચોથી સુવર્ણપુરીતીર્થમાં—આ બધી શિબિર સફળ રીતે પુરી થઈ હતી. એ શિબિર-શ્રેણીમાં ઉનાળાના સમયમાં પાંચમી શિબિર તા. ૨૪-૫-૯૮ થી તા. ૩૦-૫-૯૮ સુધી આઠ દિવસ માટે મુંબઈના મલાડ, દાદર, ઘાટકોપર, પાર્લા, મુલુન્ડ અને વસઈ રોડ—આ છ સ્થાનોમાં એક સાથે રાખવામાં આવી હતી. સવાર અને સાંજ દોઢ દોઢ કલાક સુધી ડૉ. પ્રવીણભાઈ દોશી (રાજકોટ) દ્વારા 'ભેદવિજ્ઞાન', બ્ર. વ્રજલાલભાઈ શાહ (વઢવાણ) દ્વારા 'કર્તાકર્મ સ્વરૂપ', રાજુભાઈ કામદાર (રાજકોટ) દ્વારા 'દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ' અને સુભાષભાઈ શેઠ (વાંકાનેર) દ્વારા 'નિશ્ચય-વ્યવહારનયોનું સ્વરૂપ'—આ વિષયો પર શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભરતભાઈ શાહ (ઘાટકોપર), કાંતિભાઈ દોશી (ગોરેગાંવ), પ્રકાશભાઈ જૈન (મલાડ), વસન્તભાઈ શાહ (ગોરેગાંવ) અને રવજીભાઈ પટેલ (બોરીવલી)એ પણ વિભિન્ન વિષયો પર શિક્ષણ આપ્યું હતું. બધા શિક્ષણાર્થીઓ મંત્રમુગ્ધ થઈ શાંતિથી રસપૂર્વક શિક્ષણ લેતા હતા. પ્રશ્ન–કસોટીમાં પણ શિક્ષણાર્થીઓ હર્ષોલ્લાસ પૂર્વક લાભ લેતા હતા. તેમાં પ્રથમ પાંચ વિજેતાને ઈનામ આપવામાં આવ્યા હતા. વિજેતાઓ ક્રમશઃ (૧) રામ્ભીયા લાલજી માલશી, મલાડ; (૨) ડૉ. લીના અનિલ મોદી, પાર્લા; (૩) ધોળકિયા ઈન્દુમતી રસિકલાલ, ઘાટકોપર; (૪) ભાયાણી વાસંતીબેન ગુણવંતરાય, દાદર; (૫) સંઘાણી જ્યોતિબેન હર્ષદભાઈ, સાંતાક્રૂઝ.

છઠ્ઠી 'અધ્યાત્મજ્ઞાન–શિબર' મુંબઈ (પ્રોપર)ના માધવબાગમાં રાખવામાં આવી હતી. આ શિબિરની ઉદ્ઘાટનવિધિ મુંબઈ–મુમુક્ષુમંડળના અધ્યક્ષ શ્રી હસમુખભાઈ પોપટલાલ વોરાએ કરી હતી. પ્રાતઃ ૭=૩૦ થી સાંજ ૬=૦૦ સુધી શિક્ષણનો એકધારો કાર્યક્રમ હતો. ડૉ. પ્રવીણભાઈ

દોશીએ 'પુણ્યપાપ સ્વરૂપ', બ્ર. વ્રજલાલભાઈ શાહે 'ધર્મમાં શ્રદ્ધા અને અર્પણતાનું સ્થાન' અને સુભાષભાઈ શેઠે 'આપણને સમ્યગ્દર્શન કેમ થતું નથી ?'—આ વિષય પર શિક્ષણ આપ્યું હતું. શ્રી રાજુભાઈ કામદારે ભક્તિના સ્વરૂપનું વિશ્લેષણ કરતાં આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્‌ગુરુદેવ અને ભગવતીમાતા પર જેમનો અસીમ ઉપકાર છે એવા શ્રી વિદેહીનાથ શ્રી સીમંધરભગવાન, ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ ઉપર તથા આપણા પ્રત્યક્ષ પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ અને પૂજ્ય ભગવતીમાતા તથા એમના ભાવિ–તીર્થંકરત્વ–ગણધરત્વમાં અને સુવર્ણપુરી–અધ્યાત્મતીર્થમાં દરેક મુમુક્ષુના હૃદયમાં અપાર શ્રદ્ધાભક્તિ હોવી જોઈએ; તેઓ આપણા જૈનદર્શનમાં શાસનસ્તંભ કેમ છે ? અને તેમના તરફ કેવા પ્રકારનો ભક્તિભાવ હોવો જોઈએ ? આ બધી વાત સારી રીતે સમજાવી હતી. શિબિરની સફળતાના હર્ષોલ્લાસમાં બધા મુમુક્ષુઓ પૂજ્ય બહેનશ્રીનો ૮૫મા વર્ષનો આગામી 'મહામણિ-જન્મોત્સવ' અતિ આનંદોલ્લાસ પૂર્વક ઉજવવાની ભાવના વ્યક્ત કરતા હતા.

**"બાળવયમાં અપ્રતિમ પુરુષાર્થી : પૂજ્ય બહિનશ્રી ચંપાબેન"**—એ વિષય ઉપર નિબંધ-સ્પર્ધામાં ભાગ લેનાર મુમુક્ષુઓમાંથી પ્રથમ ત્રણ વિજેતાના નિબંધ રાજકોટથી પ્રકાશિત થતાં 'આત્મજાગૃતિ'ના 'મહામણિ-જન્મોત્સવ'ના વિશેષાંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

## ભાવિ–તીર્થંકરનું રાજકોટમાં મંગલ પદાર્પણ

રાજકોટના શ્રી કુંદકુંદ કહાન પરિવાર યુવક મંડળ ટ્રસ્ટના શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન સ્વાધ્યાય મંદિરમાં ધાતકી વિદેહક્ષેત્રના ભાવિ-તીર્થંકરને વિધિપૂર્વક બિરાજમાન કરવાનું મંગલ આયોજન ૭૫૦ મુમુક્ષુઓની આનંદોત્સાહભરી ઉપસ્થિતિમાં તા. ૨૮-૬-૯૮, અષાઢ સુદ ૫, રવિવારના શુભ દિવસે જિનધર્મપ્રભાવનાવર્ધક વાતાવરણમાં અત્યંત સફળતા સાથે સમ્પન્ન થયું છે. સ્થાનિક મુમુક્ષુઓની આનન્દોત્સાહભીની વિશાળ ઉપસ્થિતિ ઉપરાંત વાંકાનેર, સુરેન્દ્રનગર, વઢવાણ, ભાવનગર, જામનગર, સોનગઢ વગેરે અનેક ગામોથી બસો દ્વારા લગભગ ૪૦૦ મુમુક્ષુ મહેમાન પધાર્યા હતા. મુમુક્ષુ મહેમાનોની આનંદવર્ધક ઉપસ્થિતિથી આ મંગલ અવસરનો શ્રી જિનબિંબ-પ્રતિષ્ઠા જેવો આનંદોલ્લાસ અનુભવાતો હતો. આખા સૌરાષ્ટ્રના મુખ્ય મુખ્ય મુમુક્ષુ, આ મંગલ કાર્યમાં ભાવભીના સમર્થનના ઉદ્દેશથી પધારવાથી રાજકોટનું શ્રી કુંદકુંદ કહાન પરિવાર યુવક મંડળ અધિક ઉત્સાહિત થયું હતું. આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય ભગવતીમાતાના સત્પ્રભાવના ઉદયથી અને ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જે. શાહના મંગલ આશીર્વાદથી સમ્પન્ન આ અવસરથી એ સ્પષ્ટ અનુભવાતું હતું કે—મુમુક્ષુઓના હૃદયમાં પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય બહેનશ્રી તથા એ બંનેના ભાવિ-તીર્થંકર-ગણધર-ભવોમાં કેટલી બધી શ્રદ્ધા અને ભક્તિ વિદ્યમાન છે. આ અવસર પર વિભિન્ન બોલી આદિ દ્વારા ત્યાંના યુવક મંડળ ટ્રસ્ટને દોઢ લાખ (૧,૫૦,૦૦૦)ની આવક થઈ હતી.

## અધ્યાત્મવિદ્યાસ્થલી--સુવર્ણપુરીમાં ધાર્મિક શિક્ષણવર્ગ

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તદ્‌ભક્ત પૂજ્ય

બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનના ૮૫મા વર્ષના 'મહામણિ-જન્મોત્સવ'ના પુનીત અવસર પર તા. ૧-૮-૯૮, શનિવારથી તા. ૨૦-૮-૯૮, ગુરુવાર---વીસ દિવસનો અધ્યાત્મતત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુ મહાનુભાવો (પુરુષો) માટેનો 'ધાર્મિક શિક્ષણવર્ગ' રાખવામાં આવ્યો છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે. શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. *

**શ્રી કુંદકુંદ-કહાન પરિવાર-યુવકમંડળ, બૃહત્ મુંબઈના સૌજન્યથી**
**અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં આયોજિત**
**પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનનો ૮૫મા વર્ષનો**

# * મહામણિ-જન્મોત્સવ *

સ્વાનુભવમુદ્રિત-અધ્યાત્મમાર્ગપ્રકાશક, પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની, વીતરાગ-દેવગુરુમહિમા તેમ જ સ્વાનુભવમાર્ગને સમુદ્યોત કરનારી ઉપકાર કિરણો આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી જ રહેશે. આપણી તે ઉપકૃતતાભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા માટે એ ઉપકારમૂર્તિના ૮૫મા વર્ષનો 'મહામણિ-જન્મોત્સવ' (શ્રાવણ વદ બીજ) સુવર્ણપુરીમાં અત્યંત ભક્તિભાવથી બુધવાર, તા. ૫-૮-૯૮ થી તા.૯-૮-૯૮, રવિવાર--પાંચ દિવસ સુધી ધર્મધ્વજારોહણ, ઈન્દ્રો દ્વારા 'શ્રી સિદ્ધપરમેષ્ઠીમંડલ-વિધાનપૂજા', અધ્યાત્મજ્ઞાનોપાસના અને દેવગુરુભક્તિ વગેરે વિવિધ રોચક કાર્યક્રમ સહ અતિ ભક્ત્યુલ્લાસથી સંપન્ન થશે. આપણા આદરણીય ઊંડા આદર્શ-આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહના મંગલ સાન્નિધ્યમાં અત્યાનન્દોલ્લાસપૂર્વક ઉજવાનારા આ મંગલ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસભર ઑડિયો-વિડિયો ટેપપ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, અધ્યાત્મજ્ઞાન-શિક્ષણશિબિર, ઘાટકોપર, વઢવાણ તેમ જ મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તેમ જ પ્રાસંગિક ભક્તિ, તા.૧૦-૮-૯૮ સોમવારના રોજ આયોજિત પૂજ્ય બહેનશ્રીના જન્મધામ-વઢવાણની મંગલયાત્રા, ઈન્દ્રસભા તેમ જ સાંસ્કૃતિક કાર્યક્રમ--ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ બધાને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

**વૈરાગ્ય સમાચાર :—**

વિંછીયા નિવાસી (હાલ અમદાવાદ) શ્રી ઠાકરશીભાઈ ડાહ્યાભાઈ બોટાદરા (વર્ષ-૮૯) તા. ૧૨-૩-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મુંબઈ (સાયન) નિવાસી શ્રી પ્રમોદકુમાર ગોવિંદજી શાહ (--તે બ્ર.શ્રી સુશીલાબેન કચ્છી-સોનગઢના માસીના દિકરા) (વર્ષ-૪૮) તા. ૧૨-૬-૯૮ના રોજ વિદિશા મુકામે અકસ્માતથી સ્વર્ગવાસ પામ્યા છે. *

ઊંડા આદર્શ—આત્માર્થી આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહના
અંતરની પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ઉપકૃતભાવભરી

# * હૃદયદ્રાવક વેદના *

શ્રી કુંદકુંદ-કહાન-પરિવારયુવકમંડળ, રાજકોટના કેટલાક ભાઈબહેનો, શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર, રાજકોટમાં ધાતકીખંડના વિદેહક્ષેત્રના ભાવી તીર્થંકરની જિનપ્રતિમા બિરાજમાન કરવા માટે, આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહના શુભ હસ્તે નાંદીવિધાનના કલશની વિધિ કરાવવા માટે તા. ૨૭-૬-૯૮ ના દિને સોનગઢ આવેલાં. નાંદીવિધાનના કલશની વિધિ થયા બાદ, પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન પછી પંડિતજીએ પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઉપકૃતભાવભર્યાં વચનો દ્વારા જે હૃદયદ્રાવક અંતર્વેદના વ્યક્ત કરી હતી તે આ પ્રમાણે છે :—

''પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવે આપણને મોક્ષમાર્ગ બતાવીને, પૂર્વે હજારો ભવોમાં આપણે જે પામ્યા નહોતા તે માર્ગ આ ભવમાં બતાવીને આપણા ઉપર જે મહાન મહાન ઉપકાર કર્યો છે તે કદી ભુલાશે નહિ. ને ઉપકારનો બદલો આપણે ક્યારેય વાળી શકશું નહિ. તેને બદલે અત્યારે 'અવિરતિ સમ્યગ્દષ્ટિ અને વિરતિ સમ્યગ્દષ્ટિ' જેવી ચર્ચાઓ તેમના માટે થાય તે આપણા માટે ઘણું શરમજનક છે. જેમણે આપણને ધર્મ આપ્યો, ભવભ્રમણ ટાળવાનો રસ્તો બતાવ્યો, તેમને જ આપણે 'અવિરતિ છે કે વિરતિ છે ?' તે કહેવા બેઠા તે કઈ રીતે યોગ્ય લાગતું હશે ? કઈ રીતે બની શકે ? તે આપણા મગજમાં ઊતરતું નથી.

ભૂત-વર્તમાન-ભાવિ—ત્રણેય કાળના સર્વ સાધુને અંતરના ઊંડાણમાંથી વંદવા જોઈએ, તેને બદલે 'અવિરતિ સમ્યગ્દષ્ટિ અને વિરતિ સમ્યગ્દષ્ટિ' જેવા પ્રશ્નો ઉઠાવીને ચર્ચા કરે, તે જીભ કેમ ઉપડતી હશે ? અનંતકાળના તીર્થંકરો દ્વારા જે પામ્યા નહોતા, તે વર્તમાનમાં તેમના (–ગુરુદેવના) દ્વારા આવી મહાન સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવાની વાત પામ્યા, તે કોઈ રીતે વિકૃત કરવા યોગ્ય નથી. તે આપણા પરમગુરુ છે ને સદાય રહેશે; તે આપણા પરમ-તારણહાર છે અને સદાય રહેશે. આ રીતે કોઈ તેમના માટે 'અવિરતિ' જેવા જુદા જુદા શબ્દો વાપરીને કહે તે કઈ રીતે બની શક્યું હશે ? કઈ રીતે બનતું હશે ?–તે મારી બુદ્ધિમાં ઊતરતું નથી. આ કઈ જાતની ભક્તિ કહેવાતી હશે ?

એક દૃષ્ટાંત આવે છે કે–કોઈ એક ગુરુએ પોતાના શિષ્યને સિંહ બનવાનો મંત્ર શિખવ્યો. પછી ગુરુ કોઈ કારણસર બહાર જતાં શિષ્ય તે મંત્ર દ્વારા સિંહ બનીને

ગુરુની પાટ પર બેસી ગયો; અને ગુરુ પાછા આવતાં તે, ગુરુની સામે 'ઘુર્રર્ર્' એમ ઘુરકિયા કરવા લાગ્યો; એવું આપણે અત્યારે આપણા ગુરુ સામે કરી રહ્યા છીએ કે—જે ગુરુએ આપણને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ અને વિરતિ સમ્યગ્દૃષ્ટિનો ભેદ સમજાવ્યો, અને તેમના ઉપર જ આપણે તે લાગુ પાડી, તેમને જ અવગુણી ચિતરવાનો મિથ્યા પ્રયત્ન કરવો તે આપણને કોઈ રીતે ઘટતું નથી; એ સજ્જનતા નથી; એ શિષ્યનાં લક્ષણ નથી. આવો પ્રશ્ન કઈ રીતે ઊભો થતો હશે તે મને સમજાતું નથી. જેમના (–ગુરુદેવના) પ્રત્યે હૃદયના ઊંડાણથી ભક્તિ ઊછળવી જોઈએ તેમના પ્રત્યે આવી નરી ઉદ્ધતાઈ અને સ્વચ્છંદતા ઊછળે તે ઘણી જ અપાત્રતા કહેવાય. આને ભક્તિ ન કહેવાય.

આપણા તારણહાર શ્રી કહાનગુરુદેવ પ્રત્યે આપણું હૃદય નતમસ્તક થવું જોઈએ, તેને બદલે તેમના અવગુણ ગાવા બેઠા ! અવિરતિ ને વિરતિ છે કે નહિ ? અરે ! હોય કે ન હોય, પણ તેનું તમારે શું કામ છે ? તમને તરવાનો માર્ગ કોણે બતાવ્યો ? આપણો આ મનુષ્યભવ ઉપયોગી અને તારનારો બનાવ્યો કોણે ? જે ગુરુદેવના પ્રતાપથી આપણે ધર્મ પામ્યા, તેમના માટે જેટલાં જેટલાં આપણે વિશેષણો લખીએ, જેટલાં સદ્‌વિશેષણો આ જીભથી કહી શકીએ તેટલું ઓછું છે. અરે ! કરોડો કરોડો જીભોથી જેમનાં (–ગુરુદેવનાં) ગુણગાન ગાઈ શકીએ નહિ, તેમના માટે આવા શબ્દો કે 'અવિરતિ સમ્યગ્દૃષ્ટિ અને વિરતિ સમ્યગ્દૃષ્ટિ' એવા ભેદ તેમના ઉપર જ ચર્ચવા ઊભા થઈએ તે ખરેખર આપણને શોભાસ્પદ નથી. હું વધારે બોલી શકતો નથી, પણ પૂજ્ય બહેનશ્રી પણ કહેતા હતાં કે 'આત્મા' શબ્દ બોલતા શીખ્યા હોઈએ તે પણ પૂજ્ય ગુરુદેવના પ્રતાપે. આપણને તારનાર એક જ છે. એમના ઉપકારનો બદલો કોઈ કાળે વાળી શકીએ તેમ નથી, તેને બદલે—ગુરુનાં ગુણગાન ગાવાને બદલે—અવગુણ ગાવા બેઠા છીએ તે બિલકુલ શોભતું નથી. આ તો અભક્તહૃદય બતાવે છે.''

''ઉપકાર તારા શું કથું ? ગુણગાન તારાં શું કરું ?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.''

*—પૂજ્ય બહેનશ્રી ચંપાબેન*

આદરણીય પંડિતજીની આ હૃદયદ્રાવક અંતર્વેદના પ્રત્યક્ષ સાંભળનાર અનેક મુમુક્ષુઓની આંખોમાં ઝળઝળિયાં આવી ગયા હતાં.

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર *

* શુદ્ધાત્માની અનુભૂતિના સદ્ભાવમાં શુદ્ધોપયોગથી મોક્ષને કરે છે અને શુદ્ધાત્માની અનુભૂતિના અભાવમાં શુભાશુભ ઉપયોગથી બંધને કરે છે; તોપણ શુદ્ધ પરમ પારિણામિકભાવ બંધ-મોક્ષને કરતો નથી, શુભાશુભ ભાવને કરતો નથી ને અનુભૂતિને પણ કરતો નથી. પરમભાવની દૃષ્ટિથી અનુભૂતિનો તથા શુભાશુભ ભાવનો અકર્તા છે. ૧૦૧.

* આ દ્રવ્ય-સ્વભાવના ઊંડા સંસ્કાર નાખે તેને કાર્ય થવાનું જ છે. જેમ અપ્રતિહતપણે સમ્યગ્દર્શન થાય છે તેને ક્ષાયિક સમ્યક્ થવાનું જ છે, તેમ અંતરની સાક્ષીમાં હું જ્ઞાયક...જ્ઞાયક....છું, રાગાદિ તે હું નહીં—એમ સંસ્કાર નાખે તેને કાર્ય (સમ્યગ્દર્શન) થવાનું જ છે. ૧૦૨.

* જેને નિજ-આત્મજ્ઞાન વિના પરલક્ષી જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ હોય તેને વિકારરૂપ પરિણમવું જ ભાસે છે. પરસત્તાવલંબી જ્ઞાનના પ્રેમમાં સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. ત્રિકાળીનાથનો આદર કર્યા વિના વિકારપણે પરિણમે છે તેને શુભાશુભ ભાવે પરિણમવું ભાસે છે પણ ચૈતન્યપણે પરિણમવું ભાસતું નથી. ૧૦૩.

* બાળકથી માંડીને વૃદ્ધને સર્વને એટલે કે અજ્ઞાનીને સદા સ્વયં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ અનુભવમાં આવે છે. વર્તમાન જ્ઞાનની જે વર્તમાન અવસ્થા છે, અજ્ઞાનીને પણ વિકાસરૂપ જે ભાવેન્દ્રિયની ખંડખંડ જ્ઞાનરૂપ પર્યાય છે તેમાં આત્મા જ અનુભવમાં આવે છે, કેમ કે તે પર્યાયમાં સ્વપરપ્રકાશક તાકાત છે, તેથી તેમાં સ્વજ્ઞેય જ જાણવામાં આવે છે. બાળકથી માંડીને વૃદ્ધને સર્વને, જ્ઞાનની વર્તમાન પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી, અજ્ઞાનીને પણ તેની જ્ઞાનની પર્યાયમાં આત્મા જ અનુભવમાં આવે છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સર્વને સદાકાળ સ્વયં અનુભવમાં આવે છે. પર્યાયમાં આત્મા જ ખ્યાલમાં આવે છે. પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે. ૧૦૪.

*

## * વિશ્વાસ લાવ *

ભાઈ ! તારા માહાત્મ્યની શી વાત ! જેનું સ્મરણ થતાં જ આનંદ આવે એના અનુભવના આનંદની શી વાત ! અહો ! મારી તાકાત તે કેટલી ? જેમાં નજરું નાખતાં નિધાન ખુલી જાય એ તે વસ્તુ કેવી ? રાગને રાખવાનો તો મારો સ્વભાવ નહિ, પણ અલ્પજ્ઞતાને પણ હું રાખી શકું નહિ—એમ એને પ્રતીતિ આવતાં, હું સર્વજ્ઞ થઈશ ને અલ્પજ્ઞ નહિ રહી શકું એમ એને ભરોંસો આવી જાય છે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/-
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/-અલગ]